Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રી:– જગજીવન બાવચંદ દોશી : કુંડલા
સંપાદક : બ્ર. હરિલાલ જૈન: સોનગઢ



વર્ષ ૨૩
અંક ૫
૨
૬
૯
ફાગણ
૨૪૯૨

મંગલ પ્રભુજી મંગલ પ્રસંગ, મંગલ વાણી, ઉત્સવ રંગ,
વિદેહે મંગલ, ભરતે મંગલ. કહાન–પ્રતાપે સુવર્ણે મંગલ.

---

卐 શ્રી સીમંધર જિન પા–શતાબ્દિ–સ્વાગત અંક 卐

## ‘ભરતના ભક્તોને ભેજે નાથ...ધર્મદ્ધવૃદ્ધિનાં આશીષ આજ’

### ( સીમંધર જિન સ્તવન )

( રાગ: ભજ ભજ પ્યારે ભજ ભગવાન.... )

વંદીયે વિદેહના ભગવાન
છે સીમંધર રૂડા નામ....
હૃદય બિરાજો મારા નાથ !
ભાવું છું હું તો દિનરાત....।। ટેક।।
દૂર દૂર પ્રભુ ! તારો દેશ,
પહોંચું કઈ વિધ હજૂર જિનેશ ?
પ્રભુજી દેખો જ્ઞાન મોઝાર,
સેવક વંદે વાર હજાર....વંદીયે૦
અમ અનાથનો છે તું નાથ,
શિવપુરનો તું સાચો સાથ;
નિત નિત ઉઠી કરું પ્રણામ;
પાઊં જીવન કે અભિરામ....વંદીયે૦
ચંદા આવે નિતનિત નાથ,
સંદેશ પૂછું તારા નાથ !
ફિર ફિર ભેજું દરશન કાજ
જાવ ચંદાજી દેખો નાથ....વંદીએ૦
ચંદા કે’ છે સુણો ! જિન-દાસ,
વાણી સૂણી જિનની આજ;
ધર્મવૃદ્ધિનાં આશીષ આજ;
ભરતના ભક્તોને ભેજે નાથ !...વંદીયે૦
સુવર્ણપુરે શાસન શિરતાજ,
શોભે છે શાસન યુવરાજ
જય જય વરતે ભરતે આજ
જૈન ધરમના જય જયકાર....વંદીયે૦

( એક નાનો ભક્ત )




સીમંધર પ્રભુનાં પુનીત પગલાં સુવર્ણપુરીમાં થાય,
સાધક-ભક્તો સ્વાગત કરતાં આનંદે ઉભરાય.

# પધારો સીમંધર ભગવાન

## ( સંપાદકીય )

અહો...સીમંધર ભગવાન ! આપની સર્વજ્ઞતા...આપનો અતીન્દ્રિય આનંદ અને સાથે સાથે આપની દિવ્યવાણી એ બધાને લક્ષગત કરીને આપશ્રીને પરમ ભક્તિથી નમસ્કાર કરીએ છીએ.

પ્રભો, આજે અમારે આનંદનો દિવસ છે...સં. ૧૯૯૭ ના ફાગણ સુદ બીજે આપ અમારી નગરીમાં પધાર્યા ને આ નગરી સુવર્ણની બની ગઈ...આપશ્રીની પધરામણીને આજે પચીસ વર્ષ થયા.. આપશ્રી પધાર્યા ત્યારે અમારા હર્ષાનંદ ઉલ્લાસનો પાર ન હતો; ને પચીસ વર્ષમાં તો આપની મંગલ છાયામાં અનેક ધર્મવૃદ્ધિનાં પ્રસંગો બન્યા.

પ્રભો, આપના વિદેહમાંથી અહીં આવેલા આપના ભક્તોએ અમને આપનો વીતરાગ માર્ગ દેખાડયો...આપના એ ભક્તોએ ભરતક્ષેત્રમાં પણ જાતિસ્મરણ વડે આપનો સાક્ષાત્કાર કર્યો...ને આપની મધુરી વાણીમાં આવેલા અનેકવિધ મંગલ સંભારણાં તાજા થતાં અહીં આનંદ–આનંદ છવાઈ ગયો. પ્રભો ! આપ આવ્યા ને બીજે જ વર્ષે આપનાં સમવસરણ આવ્યા, કુંદકુંદ પ્રભુને પણ આપ સાથે જ લાવ્યા..પછી તો માનસ્તંભ પણ આવ્યા..ને હજારો ભક્તો આપના ચરણ સેવવા આવતાં તેર વર્ષે મંદિર ટૂંકું પડયું...તેથી મોટું વિશાળ–ઊંચું મંદિર બંધાયું...પ્રભો ! અમારા મહાભાગ્યે આપ સદા અમારી નજર સમક્ષ બિરાજી રહ્યા છો ને મંગલ કૃપાદ્રષ્ટિથી અમારું કલ્યાણ કરી રહ્યા છો. અહો, આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા, આપનો પૂર્ણાનંદ, આપનો સ્વાશ્રિત માર્ગ, આપનો આ બધો અચિંત્ય આત્મવૈભવ આપના ભક્ત કહાન અમને અહીં ઓળખાવી રહ્યા છે...ને આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. પ્રભો ! અમે તો આપની પાસે વિદેહમાં નથી આવી શકતા પણ આપ વિદેહથી કૃપા કરીને અહીં પધાર્યા છો તેથી અમારે તો જાણે અહીં જ વિદેહક્ષેત્ર આવ્યું હોય, ને અમે વિદેહના માનવીઓની વચ્ચે જ વસતા હોઈએ...એમ આત્મા ઉલ્લસે છે. આપના ભક્તોના શ્રીમુખથી રોજરોજ આપની વાણીનો સંદેશ સાંભળીએ છીએ...એ સાંભળતાં આપના પ્રત્યે પરમ ભક્તિ જાગે છે.

પ્રભો ! આપને સર્વજ્ઞસ્વરૂપે જ્યાં લક્ષમાં લઈએ છીએ ત્યાં તો અમારો આત્મા જ્ઞાનમય બની જાય છે...રાગ સાથેનો સંબંધ તૂટી જાય છે ને સર્વજ્ઞસ્વભાવ સાથે સંધિ થાય છે...આપના ચિંતનથી આનંદની ધારા ઉલ્લસે છે.

**હે પરમ ઉપકારી દેવ ! આપના ચરણોમાં ફરીફરીને નમસ્કાર હો.**

卐

# સમ્યગ્દ્રષ્ટિનું ઉપાદેય તત્ત્વ

( જેમાં બંધ-મોક્ષ નથી એવા પરમતત્ત્વની દ્રષ્ટિથી મોક્ષમાર્ગ ઊઘડી જાય છે )

卐

( પરમાત્મપ્રકાશ ગા. ૬૮ ઉપરનું સુંદર પ્રવચન )

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં ધ્રુવસ્વભાવી શુદ્ધદ્રવ્ય બંધ-મોક્ષને કરતું નથી. જો કે પર્યાયનયથી જોતાં આત્મા શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભ-અશુભ ઉપયોગરૂપે પરિણમે છે એટલે બંધને કરે છે, તે જ રીતે શુદ્ધાત્મઅનુભૂતિ પ્રગટ કરીને આત્મા મોક્ષમાર્ગ અને મોક્ષને કરે છે, આ રીતે પર્યાયરૂપ આત્મા બંધ-મોક્ષને કરે છે, પણ શુદ્ધદ્રવ્યરૂપ ધ્રુવઆત્મા બંધ-મોક્ષને કરતો નથી, એ તો પરમ પારિણામિક પરમભાવસ્વરૂપ સદા એકરૂપ છે.

ધ્રુવવસ્તુમાં પર્યાયની એકતા વડે શુદ્ધાત્માની અનુભૂતિ કરીને આત્મા પર્યાયમાં મોક્ષને કરે છે; ને એવી અનુભૂતિ ન હોય ત્યાં આત્મા શુભ-અશુભરાગવડે કર્મને બાંધે છે.-આમ પર્યાયદ્રષ્ટિથી જોતાં એટલે કે વ્યવહારરૂપ આત્માને જોતાં બંધ-મોક્ષ છે. પણ નિશ્ચયરૂપ આત્મા-જે ત્રિકાળ એકરૂપ રહેનાર સત્ છે તેને જોતાં તેમાં બંધ-મોક્ષ નથી.

બંધ મોક્ષ બંને પર્યાયો વ્યવહારનયનો વિષય છે; નિશ્ચયનયનો વિષય પરમભાવ એવો શુદ્ધ એકરૂપ સ્વભાવ છે, તે સ્વભાવને જોતાં આત્મા બંધ-મોક્ષને કરતો નથી. હા, તે સ્વભાવને જોનારી પર્યાય પોતે મોક્ષમાર્ગરૂપ પરિણમી જાય છે. પણ તે જુદી પર્યાય વ્યવહારનો વિષય છે.

બંધ-મોક્ષ, શુભ-અશુભ, જીવન-મરણ એ વિસદ્રસરૂપ પરિણમન છે, ને પરમસ્વભાવ એકરૂપ સદ્રશ છે તે બંધ-મોક્ષ વગરનો છે, શુભ-અશુભ વગરનો છે ને જીવન-મરણ વગરનો છે. આવો પરમસ્વભાવ બતાવવાનું શું પ્રયોજન છે? કે આવા પરમસ્વભાવને દ્રષ્ટિમાં લેતાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

અહો, વીતરાગ સર્વજ્ઞદેવનાં કહેલાં તત્ત્વો અજબ છે! અનંતગુણસ્વભાવને જોતાં પર્યાયમાં અનંતગુણનું શુદ્ધકાર્ય આવે છે, ને બંધભાવ ટળે છે. આમ બંધનું ટળવું ને મોક્ષનું થવું–એ વ્યવહાર વિષયમાં છે. પણ ધ્રુવસ્વભાવની દ્રષ્ટિથી જોતાં આત્મા બંધ-મોક્ષને કરતો નથી, એકરૂપ છે તેમાં બંધ–મોક્ષનું બેપણું નથી. એકરૂપતત્ત્વમાં બંધ ને મોક્ષ એવા બે પ્રકાર શા? ધ્રુવદ્રષ્ટિ કરતાં પર્યાયમાં બંધ ટળે છે ને મોક્ષ થાય છે–એ તો ખરું, પણ તે ધ્રુવદ્રષ્ટિ જે શાશ્વતવસ્તુને દેખે છે તે વસ્તુમાં બંધ–મોક્ષના ભેદ નથી.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભો! શુદ્ધનયથી જો આત્માને બંધ–મોક્ષ નથી, તો પછી બંધને ટાળવાનું ને મોક્ષનો ઉપાય કરવાનું પણ વૃથા થાય!–તો પછી મોક્ષના પુરુષાર્થનો ઉપદેશ કેમ આપો છો?

તેના ઉત્તરમાં કહે છે કે ભાઈ, શુદ્ધઆત્માને ઉપાદેય કરતાં પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે છે ને બંધન ટળે છે. પણ આખી શુદ્ધવસ્તુ કાંઈ નવી પ્રગટતી નથી.

મોક્ષ છે તે બંધનપૂર્વક થાય છે, બંધન જેને હોય તે તેનો અભાવ કરીને મોક્ષ પામે. હવે શુદ્ધદ્રવ્યની દ્રષ્ટિથી એટલે કે કાયમી વસ્તુના સ્વભાવમાં જો બંધન હોય તો તે બંધન પણ કાયમી જ રહે. ધ્રુવદ્રષ્ટિથી જો બંધન હોય તો બંધન પણ ધ્રુવ જ રહે, ને આત્મા હંમેશા બંધાયેલો જ રહે,–પણ એમ નથી. બંધનનો છેદ થઈને મોક્ષદશા પ્રગટે છે, માટે બંધન ક્ષણિક છે, તે ધ્રુવવસ્તુમાં નથી. અને ધ્રુવવસ્તુ બંધાયેલી નથી, માટે ધ્રુવવસ્તુની અપેક્ષાએ બંધ–મોક્ષ નથી. ધ્રુવવસ્તુમાં બંધન કહેવું તે તેનો અનાદર કરવા જેવું છે. અને ધ્રુવવસ્તુમાં બંધન નથી તો તેને મોક્ષ થવાનું કહેવું તે પણ બની શકતું નથી.

જેમ કોઈ માણસ 'જેલમાંથી છૂટયો' એમ કહેતાં, તે માણસ પહેલાં જેલમાં હતો–એમ સિદ્ધ થાય છે. પણ જે માણસ જેલમાં ગયો જ નથી તેને એમ કહેવું કે તું જેલમાંથી છૂટયો–તો તે તેનું અપમાન કરવા જેવું છે. તેમ પર્યાયદ્રષ્ટિથી આત્માને પર્યાયમાં બંધન હતું ને પર્યાયમાં મોક્ષ થયો–એ વાત બરાબર છે, પણ જે વસ્તુસ્વભાવમાં કદી બંધન છે જ નહિ તે વસ્તુસ્વભાવને 'મોક્ષ' કેમ કહેવો? ભાઈ, આવો તારો જે પરમ એકરૂપ સ્વભાવ તેને સ્વાનુભૂતિગમ્ય કરતાં સમ્યગ્દર્શન થાય છે. શુદ્ધસ્વભાવની અનુભૂતિથી પર્યાયમાં બંધનો નાશ ને મોક્ષની ઉત્પત્તિ થાય છે.

મોક્ષ કહો, નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય કહો–તે પણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયના આશ્રયથી મોક્ષ થાય છે–એમ નથી કહેવું, પણ જે મોક્ષપર્યાય છે તે

વ્યવહારનયનો વિષય છે–એમ બતાવવું છે. ને નિશ્ચયના વિષયમાં આત્માનો એકરૂપ પરમસ્વભાવ છે. તે પરમસ્વભાવનો આશ્રય કરનારી પર્યાય તે મોક્ષમાર્ગ છે. ધ્રુવસ્વભાવના આશ્રયે પર્યાયમાં બંધ ટળીને મોક્ષ થાય છે, તે સત્ય છે. માટે પર્યાયમાં મોક્ષનો ઉદ્યમ કર્તવ્ય છે.

–પર્યાયમાં તે મોક્ષનો ઉદ્યમ કેમ થાય ?

– કે પર્યાયને ધ્રુવસ્વભાવમાં અંતર્મુખ કરવાથી મોક્ષનો ઉદ્યમ થાય છે.

શુદ્ધપર્યાયવડે મોક્ષમાર્ગ સાધવો તે ધર્મીનો વ્યવહાર છે; ધર્મીના આવા વ્યવહારને અજ્ઞાની ઓળખતો નથી; તે તો રાગને અને બાહ્યક્રિયાને જ વ્યવહાર સમજે છે, નિષ્ક્રિય એટલે કે બંધ–મોક્ષની ક્રિયા જેનામાં નથી એવો ધ્રુવ પરમસ્વભાવ તે નિશ્ચય છે, ને તેના આશ્રયે શુદ્ધપરિણતિ પ્રગટી તે વ્યવહાર છે. તે પરિણતિ સક્રિય છે. બંધ ટાળવો ને મોક્ષ પ્રગટ કરવો એવી ક્રિયા પર્યાયમાં થાય છે. જુઓ, આ એક આત્મતત્ત્વમાં નિષ્ક્રિયપણું ને સક્રિયપણું એ બંને વાત એક સાથે છે; એટલે પર્યાયમાં મોક્ષનો યત્ન થાય છે. ધ્રુવ શુદ્ધાત્મામાં અંતર્લક્ષ કરતાં મોક્ષમાર્ગ ને મોક્ષ પ્રગટે છે.

આવો જે પરમશુદ્ધસ્વભાવ છે તે ધર્મીજીવને ઉપાદેય છે. કઈ રીતે ? કે વીતરાગ નિર્વિકલ્પ સમાધિવડે શુદ્ધાત્મા ઉપર લક્ષ કર્યું છે, તે સમાધિમાં શુદ્ધઆત્મા ઉપાદેય છે. આવા શુદ્ધાત્માનું લક્ષ તે સાચા વિસામાનું સ્થાન છે.–આ જ સમ્યગ્દ્રષ્ટિનું ઉપાદેયતત્ત્વ છે; આવા પરમતત્ત્વને ઉપાદેય કરતાં પર્યાયમાં મોક્ષમાર્ગ ઊઘડી જાય છે. આવા અંતર્‌તત્ત્વને અંતર્‌દ્રષ્ટિવડે ઉપાદેય કરવાનો સન્તોનો ઉપદેશ છે.

*****

સન્તો શુદ્ધાત્માના અનુભવનો ઉપદેશ આપે છે કેમકે તેનાથી જ મોક્ષમાર્ગ થાય છે. જીવનમાં, પછી નહિ પરંતુ હમણાં જ, આવો અનુભવ કરવા જેવો છે. અનુભવજીવન એ જ સાચું જીવન છે.

હે જીવ ! અતીન્દ્રિય આનંદનો સ્વાદ સ્વાનુભવમાં છે, તેનો સ્વાદ લે.

*****




卐 卐 卐 卐 卐

## (પરમાત્મપ્રકાશ ગા. ૧૧૯–૧૨૦)

卐 卐 卐 卐 卐

આ આત્મા આનંદસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે, તે કેમ ભાસે ? તો કહે છે કે નિર્મળ મનમાં આત્મા જણાય છે, એટલે કે રાગરહિત નિર્મળ જ્ઞાનપરિણામમાં આ ચૈતન્યસૂર્ય આત્મા દેખાય છે. મલિન રાગાદિ ભાવોથી જેનું ચિત્ત મલિન છે તેને તે મલિન ચિત્તમાં આત્મા દેખાતો નથી. જેમ વાદળાના આડંબરમાં સૂર્ય દેખાતો નથી તેમ ચૈતન્ય અનુભૂતિથી વિરુદ્ધ એવા ક્રોધ–કામાદિ વિકારી ભાવોરૂપ વાદળાં વચ્ચે ચૈતન્યસૂર્ય દેખાતો નથી. ચૈતન્યની અનુભૂતિ વડે કામ–ક્રોધાદિના વિકલ્પોરૂપ વાદળાં વીખેરાઈ જતાં, નિર્મળ જ્ઞાનરૂપી આકાશમાં કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપી કિરણોથી ઝળહળતો શુદ્ધાત્મારૂપી સૂર્ય દેખાય છે.

જેમ મલિન દર્પણમાં મુખ દેખાતું નથી, તેમ રાગદ્વેષ સાથે મળેલી મલિન જ્ઞાનપરિણતિમાં આત્મા અનુભવાતો નથી. રાગના રંગે રંગાયેલું જ્ઞાન શુદ્ધ આત્માને જાણી શકતું નથી. ભેદજ્ઞાનના બળે જ્ઞાન જ્યાં રાગથી જુદું પરિણમ્યું ત્યાં તે રાગ રહિત જ્ઞાનમાં શુદ્ધ આત્માનું સ્વસંવેદન થાય છે. અનંત કિરણોથી ચમકતો ચૈતન્યસૂર્ય સાક્ષાત્ બિરાજી રહ્યો છે પણ અજ્ઞાનીને રાગની રુચિરૂપ મેલને લીધે તે દેખાતો નથી. રાગથી જરાક જુદો થઈને દેખે તો નિર્મળ જ્ઞાનદર્પણમાં આત્મસૂર્ય સ્પષ્ટ દેખાય, એનું સાક્ષાત્ સ્વસંવેદન થાય.

આ ચૈતન્યસૂર્ય પોતે પોતાની પર્યાયમાં જણાય છે, રાગમાં તે જણાતો નથી. રાગમાં ચૈતન્યનું પ્રતિબિંબ નથી પડતું. જે નિર્મળ પર્યાય અંતર સ્વભાવની સન્મુખ થઈ તે પર્યાયમાં ચૈતન્યમૂર્તિ ભગવાન સાક્ષાત્ દેખાય છે, ને એને દેખતાં અપૂર્વ આનન્દ થાય છે. શાંત–શાંત પરિણતિ થઈને અંદર ઠરે ત્યારે ભગવાન આત્મા દેખાય. રાગમાં એકમેકપણે જે પરિણતિ વર્તે તેમાં ચૈતન્ય ભગવાન દેખાય નહીં. ક્રોધાદિથી પરિણામ હાલક–ડોલક થયા કરતા હોય એવા અશાંત પરિણામથી આત્મા અનુભવમાં આવે નહિ. નિર્વિકલ્પ શાંત પરિણામ વડે આત્મા અનુભવમાં આવે છે; એવા શાન્તપરિણામમાં જ આનન્દ છે.

જેમ ઉજળા હંસ માનસરોવરમાં વસે છે ને મોતીના ચારા ચરે છે, તેમ આ ઉજ્વળ ચૈતન્ય હંસલો જ્ઞાનીનાં નિર્મળ હૃદય સરોવરમાં વસે છે ને જ્ઞાન–આનંદના મોતીના ચારા ચરે છે. એ હંસલો રાગના ચારા ચરે નહિ. જ્ઞાનીના અંતરમાં પરમ વીતરાગી સુખરૂપી અમૃતથી ભરેલું જે માનસરોવર, તેમાં નિર્મળગુણોથી શોભતો આત્મહંસ કેલિ કરે છે. હે જીવ! તું ચૈતન્યની પરમ પ્રીતિ કરીને તેના આનંદમાં કેલિ કર. કેમકે ચૈતન્યનો જેને પ્રેમ નથી ને પરનો પ્રેમ છે તે જીવ પોતાના ચૈતન્યસુખને ચાખી શકતો નથી. વિષયોના સ્વાદનો પ્રેમ હોય ને આત્માના આનંદનો પણ સ્વાદ આવે એમ એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. જ્યાં આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં વિષયોનો પ્રેમ રહે નહિ. જેણે ચૈતન્યનો સ્વાદ ચાખ્યો તે સમકિતીને રાગનો રંગ રહેતો નથી; આત્માના આનંદ સિવાય બીજું કાંઈ એને પ્રિય નથી. એના હૃદયમાં રાગનો વાસ નથી. એના અંતરમાં તો પરમાત્મ તત્ત્વ જ વસ્યું છે.

અહો, સર્વજ્ઞના માર્ગમાં આત્માને સાધવાના પંથ કોઈ અલૌકિક છે! વીતરાગના એ પંથ રાગ વડે હાથ આવે તેમ નથી. રાગથી જુદો થઈને અરાગી શ્રદ્ધા–જ્ઞાન કરે તો આત્મા અનુભવમાં આવે, ને મોક્ષનો માર્ગ પ્રગટે. ચૈતન્યહંસ તો આવા માર્ગે ચાલનારો છે....એ રાગના પંથે ચાલનારો નથી. આમ ચૈતન્યહંસની પ્રાપ્તિના ઉપાયનું માહાત્મ્ય બતાવ્યું છે. તેને જાણીને હે જીવ! તું બાહ્ય વિષયોની પ્રીતિ છોડીને અંતરમાં નિર્મળ પરિણામ વડે તારા શુદ્ધ આત્માને દેખ.

રાગ વગરનું એકલું જ્ઞાન, તે અજ્ઞાનીને લક્ષમાં આવતું નથી.

* * * * *

મુનિવરોનું જીવન જેમ સ્વાનુભવમય છે તેમ મુમુક્ષુનું જીવન ભેદજ્ઞાનની ભાવનામય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ભાવનાનું ફળ સ્વાનુભવપ્રાપ્તિ છે. મુમુક્ષુ એટલે મુનિનો નાનો ભાઈ. મુનિરાજ મહા મુમુક્ષુ છે, આ હજી નાનો મુમુક્ષુ છે. એનું જીવન પણ મુનિને અનુસરતું હોવું જોઈએ.

# પરલોકમાં-બ્રહ્મલોક

## ( તેને જ્ઞાની પોતાના અંતરમાં અવલોકે છે )

**ધર્મીની પરિણતિ અંતરમાં વળીને પરમાત્મ તત્ત્વમાં પ્રવેશી ગઈ છે તે પરિણતિમાં પરમાત્મા વસ્યા છે; તે પરિણતિ આનંદનો અનુભવ કરતી કરતી પરમાત્માને ભેટવા ચાલી છે; પરમ બ્રહ્મસ્વરૂપ આત્માના રંગે તે પરિણતિ રંગાઈ ગઈ છે. સ્વરૂપના રંગે રંગાયેલી તે પરિણતિ સિદ્ધપદને સાધશે.**

**( પરમાત્મા પ્રકાશ-પ્રવચન ગા. ૧૧૦-૧૧૨ )**

દેહ તે અજીવ, તેનાથી ભિન્ન; તેમ જ વિકારી ભાવો તેનાથી પણ ભિન્ન; આવો જે શુદ્ધ ચૈતન્યમય ઉત્કૃષ્ટ આત્મસ્વભાવ, જેના અવલોકનથી પરમ આનંદનો અનુભવ થાય; આવા પરમ તત્ત્વને જ્ઞાની નિર્વિકલ્પ સ્વસંવેદનથી પોતામાં દેખે છે. 'પર' એટલે ઉત્કૃષ્ટ એવો જે શુદ્ધઆત્મા તેને જે પોતાના અંતરમાં અવલોકે છે-દેખે છે-જાણે છે -અનુભવે છે, તે જીવ શીઘ્ર પરલોકમાં એટલે કે પરમાત્મ તત્ત્વમાં પ્રવેશ કરે છે. આવો જે શુદ્ધ જ્ઞાનમય બ્રહ્મસ્વરૂપ આત્મા તે જ સાચો બ્રહ્મલોક છે, તે જ જગતમાં સર્વોત્કૃષ્ટ હોવાથી પરલોક છે. સ્વયં કલ્યાણરૂપ હોવાથી તે પોતે શિવ છે, ને પોતાના જ્ઞાન-આનંદ આદિ અનંતગુણ-પર્યાયોમાં પોતે જ સર્વવ્યાપક હોવાથી તે વિષ્ણુ છે.-દરેક આત્મા નિશ્ચયથી આવો છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે વ્યક્તરૂપે આવા પરમાત્મા છે, ને દરેક આત્મા શક્તિરૂપે આવા પરબ્રહ્મ પરમાત્મા છે. અંતર્મુખ ઉપયોગ વડે આવા આત્માને જે અવલોકે છે તે જ 'પર' એવા ઉત્કૃષ્ટ આત્માને દેખે છે, ને સિદ્ધપદરૂપ પરલોકને તે પ્રાપ્ત કરે છે.

તારે પરલોકને પામવો છે? એટલે કે ઉત્કૃષ્ટ એવા સિદ્ધપદને પામવું છે?-તો પર એવા સર્વોત્કૃષ્ટ નિજપદનું તારામાં અવલોકન કર. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિ જીવ અંતરની દ્રષ્ટિ વડે પોતામાં જ પરમાત્મ તત્ત્વને અવલોકે છે. ધર્માત્માના અંતરમાં આવો ઉત્કૃષ્ટ આત્મા વસે છે.

જગતમાં અનંત આત્માઓ પોતાની પરમેશ્વરતાથી પરિપૂર્ણ છે. એનાથી ઉત્તમ

બીજું કોઈ નથી. આત્માના સ્વભાવ સિવાય બીજે ક્યાંય રાગમાં–વિકારમાં–સંયોગમાં જેને અધિકતા લાગે છે તે પર-લોકને દેખતો નથી, ને પર-લોકને જે દેખતો નથી તે સિદ્ધપદને પામતો નથી. ભાઈ, ઉત્કૃષ્ટ તો તારો આત્મા છે. વિકલ્પ આવે તે આત્માના સ્વભાવની પ્રાપ્તિને જરાય સહેલી કરી દે–એમ બનતું નથી; વિકલ્પમાં–રાગમાં જરાય ઉત્તમપણું નથી, સારપણું નથી. સારપણું તો પરમ બ્રહ્મ આત્મતત્ત્વમાં જ છે–એમ નક્કી કરીને તેમાં તારી મતિને જોડ તો તે તરફ તારી ગતિ થાય એટલે કે પરિણતિની ગતિ સ્વભાવ તરફ વળે. અજ્ઞાનીની પરિણતિ વિકાર તરફ ઝુકે છે, કેમકે શુદ્ધાત્માને તે અવલોકતો નથી; જ્ઞાનીની પરિણતિ શુદ્ધાત્માના અવલોકનવડે વિકારથી પાછી વળીને, ચિદાનંદ સ્વભાવ તરફ ઝુકે છે ને પોતાના પરમ–ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત કરે છે. માટે સ્વસંવેદન જ્ઞાનથી તારા આવા આત્માને તું જાણ–એમ ઉપદેશ છે.

પોતાના અંતરમાં રહેલા ઉત્કૃષ્ટ પરમ તત્ત્વરૂપ પર-લોકને જ દેખાતો નથી ને જગતના બાહ્ય પદાર્થોને અવલોકવા જાય છે–દોડીદોડીને બાહ્ય જ્ઞેયો તરફ ઝુકે છે, તેને અંતરના પરમ પદની પ્રાપ્તિ ક્યાંથી થાય? પરમ ધામ એવું સિદ્ધપદ તેને ક્યાંથી દેખાય? પરમ ધામ એવું સિદ્ધપદ તો પોતાના આત્મામાં જ છે, સિદ્ધભગવંતો અનંતગુણધામ એવા નિજપદમાં જ સ્થિર છે.

આવું પરમ ચૈતન્યતત્ત્વ સંત–મુનિઓ–ગણધરો તથા ઇન્દ્રો–ચક્રવર્તીઓ વગેરે મહા પુરુષોના અંતરમાં વસી રહ્યું છે. મહા પુરુષોએ એટલે કે ધર્મી જીવોએ તો પોતાના અંતરમાં આ પરમતત્ત્વને જ વસાવ્યું છે. पर એટલે ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ–એક સ્વભાવ આત્મા, તેનું લોકન–અવલોકન–અનુભવન, તેનું નામ ‘पर–लोक’ છે. ધર્મીજીવ અંતરમાં આવા આત્માને અવલોકે છે.

ધર્માત્માની જ્ઞાનપરિણતિમાં પરમાત્મા બિરાજે છે. ધર્માત્માની જ્ઞાનપરિણતિમાં રાગ નથી બિરાજતો, રાગ તો જ્ઞાનપરિણતિથી બહાર વર્તે છે. જ્ઞાનપરિણતિમાં તો શુદ્ધ પરમાત્મા જ બિરાજે છે. ‘જ્યાં હું વસું ત્યાં તું નહીં’ એટલે કે મારા જ્ઞાનમાં જ્યાં પરમાત્મા વસ્યા ત્યાં હવે પરભાવને તેમાં સ્થાન નથી. પરમાત્મ તત્ત્વની રુચિ ને રાગની રુચિ બંને એક સાથે રહી શકે નહિ. જે પરિણતિ અંતરમાં વળીને પરમાત્મ તત્ત્વમાં પ્રવેશી ગઈ છે તે પરિણતિમાં પરમાત્મા વસ્યા છે; તે પરિણતિ આનંદનો અનુભવ કરતી કરતી પરમાત્માને ભેટવા ચાલી છે.

અરે જીવ! તારી પરિણતિમાં પરમાત્માને વસાવ, કઈ રીતે? કે નિર્વિકલ્પ સ્વસંવેદન

વડે પરમાત્મ તત્ત્વને પ્રતીતમાં લે. પોતાના અનુભવમાં જ્યાં પરમાત્મ તત્ત્વ પ્રાપ્ત કર્યું ત્યાં હવે બીજા પાસેથી શું લેવું છે? ને બીજાને શું દેખાડવું છે? હું કંઈક વિશેષ છું–એમ દુનિયા જાણે તો ઠીક–એવી બુદ્ધિ જ્ઞાનીને નથી. પોતાનું પદ પોતામાં જ દેખે છે, ને તેના અવલોકનથી પોતાનું કાર્ય સાધી જ રહ્યા છે, ત્યાં લોકમાં પ્રસિદ્ધિનું શું કામ છે? ધર્મી જાણે છે કે અમારી પરિણતિ અંતરમાં અમારું કામ કરી જ રહી છે, ત્યાં લોક જાણે કે ન જાણે તેનાથી શું પ્રયોજન છે? બીજા વડે પોતાની મોટાઈ ધર્મી માનતા નથી. અરે, ચક્રવર્તીપદ વડે કે ઇન્દ્રપદ વડે કાંઈ આત્માની મોટપ નથી, આત્મા પોતે જ સૌથી મહાન પરમ તત્ત્વ છે, એવા ઉત્કૃષ્ટ પદને ધર્મી પોતામાં જ દેખે છે. ચૈતન્યના પૂર પોતામાં જ વહે છે, આનંદના સમુદ્ર પોતામાં જ ઊછળી રહ્યા છે, આવા ઉત્તમ સ્વતત્ત્વને જ્ઞાની પોતાના અંતરમાં જ અવલોકે છે, તેથી તે જ્ઞાની પોતે 'પર–લોક' છે. પરમ તત્ત્વ તો દરેક આત્મામાં છે–પણ તેનું અવલોકન કરે તે આત્મા 'પરલોક' છે, તે જ બ્રહ્મલોક છે. બ્રહ્મલોક ક્યાં આવ્યો? કે તારા આત્મામાં જ તારો બ્રહ્મલોક વસે છે. રાગ વડે જેની પ્રાપ્તિ ન થાય, રાગ વડે જે દેખાય નહિ, રાગ વગરના અંતર્મુખ જ્ઞાન વડે જ જેની પ્રાપ્તિ થાય, એવું બ્રહ્મસ્વરૂપ પરમતત્ત્વ તું છો. આત્મા રાગસ્વરૂપ નથી કે રાગ વડે તેની પ્રાપ્તિ થઈ જાય; આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન વડે જ તેની પ્રાપ્તિ થાય છે. આવા જ્ઞાન વડે તું તારા આત્માનું અવલોકન કર–જેના અવલોકનથી પરમ આનંદ સહિત પરમ સિદ્ધપદની તને પ્રાપ્તિ થશે.

पर लोक: એટલે ઉત્કૃષ્ટજનઃ ઉત્કૃષ્ટ કોણ? કે ઉત્તમ એવો જે આત્મસ્વભાવ તેનું જે અવલોકન કરે છે તે જીવ પર–લોક છે, પર એટલે ઉત્તમ, લોક એટલે પુરુષ છે. પરમ આત્મસ્વરૂપને નિર્વિકલ્પ સમાધિમાં જે દેખે છે તે પોતે પરલોક છે. અથવા, જેના ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનમાં સમસ્ત પદાર્થો દેખાય છે–અવલોકાય છે તે પરલોક છે એટલે કેવળી પરમાત્મા તે પરલોક છે. ને કેવળી જેવો પોતાનો આત્મસ્વભાવ છે તેનું અવલોકન કરીને તેને ઉપાદેય કરવો તે તાત્પર્ય છે. એવા ઉપાયથી જ પરમ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આત્માનો સ્વભાવ તે પરમ બ્રહ્મ છે અથવા સિદ્ધદશા ને કેવળજ્ઞાનદશા તે પરમ બ્રહ્મ છે.

જેની બુદ્ધિ સ્વસંવેદન વડે નિજ સ્વરૂપમાં સ્થિર થઈ છે તે જ્ઞાની નિશ્ચયથી ઉત્તમ જન છે. ચૈતન્યના બ્રહ્માનંદના સ્વાદ પાસે વિષય કષાયોની રુચિ એને છૂટી ગઈ છે; તે મહા–જન છે, મોટો માણસ છે અથવા મહાપુરુષ છે, જગતમાં મોટો કોણ? કે મહાન

એવા આત્મસ્વભાવને જે અનુભવમાં લ્યે તે જ ખરો મોટો; પૈસાથી મોટો કે ભણતરથી મોટો કે હોદાથી મોટો–તેને ખરેખર મોટો, કહેતા નથી.

ઉત્તમ ચિદાનંદ સ્વભાવમાં જેણે મતિ જોડી છે તેની પરિણતિની ગતિ પણ તે તરફ જ જશે. કેમ કે 'यत्र मतिः तत्र गतिः એ નિયમ છે. ઉત્તમ સ્વભાવમાં જેણે મતિ જોડી તેની ગતિ એટલે પરિણતિ પણ ઉત્તમ થશે, તે સિદ્ધગતિ પામશે. જેણે શુદ્ધાત્માનો તિરસ્કાર કરીને વિકારમાં ને વિષયકષાયમાં પોતાની મતિ જોડી તે સંસારમાં ગમે તેટલો મોટો કહેવાતો હોય તોપણ તેની ગતિ તો સંસારભ્રમણ તરફ જ છે, તેને મોટો કહેતા નથી. મોટો તો તેને જ કહેવાય કે શુદ્ધ આત્મામાં મતિને જોડે ને પરમ સિદ્ધગતિ તરફ ગમન કરે. પરમ સ્વરૂપનું અવલોકન કરીને તેમાં જેણે મતિને જોડી છે તે જીવ પરલોક છે–તે જ પરબ્રહ્મ છે, પરમ બ્રહ્મસ્વરૂપ આત્માને રંગે તે રંગાઈ ગયો છે. સ્વરૂપના રંગે રંગાયેલી એની વીતરાગ પરિણતિ સિદ્ધગતિને સાધશે. ધર્મીની મતિનો પ્રવાહ અંતર્સ્વરૂપમાં જાય છે, અજ્ઞાનીની મતિનો પ્રવાહ વિકાર તરફ જાય છે.

સ્વરૂપના રંગથી રંગાયેલી ધર્મીની પરિણતિના વહેણ પરમાત્મપદમાં પહોંચશે. અજ્ઞાનીની પરિણતિનાં વહેણ વિકાર તરફ વળ્યા છે તે સંસારની ચારગતિને ઉત્પન્ન કરશે.

અરે જીવ! રાગની રુચિએ તારા સ્વભાવના પ્રેમને લૂંટી લીધો છે; તારી મતિને વિકારમાં જોડતાં તારા નિશ્ચય રત્નત્રય લૂંટાઈ જાય છે. ને શુદ્ધાત્મસ્વરૂપમાં તારી મતિને જોડતાં શુદ્ધ રત્નત્રયનો વૈભવ પ્રગટ થાય છે. માટે તારી મતિને શુદ્ધાત્મામાં જોડ. એને છોડીને બીજે ક્યાંય તારી મતિને ન લગાવ.

જે મતિએ આત્માની કિંમત કરી તે મતિમાં શુદ્ધઆત્માની પ્રાપ્તિ થશે. જે મતિએ વિકારની કિંમત કરી તે મતિમાં વિકારની જ પ્રાપ્તિ થશે. અરે જીવ! તને તારા આત્માની કિંમત કરતાં ય ન આવડી! ને વિકારની કિંમત ટાંકીને તું તારા આત્માને ભૂલ્યો! જેને જેની કિંમત લાગે તેની મતિ તેમાં જોડાય. શુદ્ધ સ્વભાવ અને પર્યાયમાં વિકાર,–બંને વિદ્યમાન હોવા છતાં ધર્માત્માએ પોતાની મતિમાં શુદ્ધ સ્વભાવની કિંમત ટાંકી છે, એટલે તેની પરિણતિ તેમાં જ જોડાય છે, ને તે સિદ્ધપદને સાધે છે, ને તે અનંતા સિદ્ધભગવંતોની સાથે જઈને વસે છે.

અનંતા સિદ્ધભગવંતો એક ઠેકાણે અનંત આનંદસહિત ભેગા બિરાજે છે. ને તેથી વિરુદ્ધ સ્વરૂપની વિરાધના કરનાર જીવો નિગોદમાં એક દેહમાં એક સાથે અનંતા, અનંત દુઃખસહિત રહે છે. આમ જાણીને હે જીવ! તારી મતિને તું શુદ્ધ આત્મામાં જોડ. તેમાં મતિ જોડતાં જ તું અતીન્દ્રિય આનંદથી તૃપ્ત તૃપ્ત થઈ જઈશ.

★

# જ્ઞાનીનું ભેદજ્ઞાન

# અજ્ઞાનીની દેહબુદ્ધિ



**અજ્ઞાની સાચા આત્માને દેખતો નથી; જ્ઞાની જ અંતર્મુખીદ્રષ્ટિથી સાચા આત્માને દેખે છે. અજ્ઞાની સંયોગવાળો ને વિકારવાળો જ આત્મા દેખે છે,-તે સાચો આત્મા નથી.**



**પરમાત્મપ્રકાશ-પ્રવચન ગા. ૮૬-૮૯**

જ્ઞાની પોતાને દેહસ્વરૂપ નથી જાણતા, જ્ઞાની તો પોતાને જ્ઞાનસ્વરૂપ જાણે છે. હું જ્ઞાન છું'–એમ સ્વસંવેદનથી તે અનુભવે છે, ને એવા નિજસ્વરૂપને ને સાક્ષાત્ ઉપાદેય જાણે છે, દેહાદિ સંયોગ જુદા હોવાથી તેને સાક્ષાત્ હેય સમજે છે.

મિથ્યાદ્રષ્ટિ, જેને શુદ્ધચૈતન્યતત્ત્વનું વેદન નથી તે એમ જાણે છે કે હું મનુષ્ય, હું કાળો, હું ધોળો વગેરે. એવી દેહબુદ્ધિને લીધે તે સામા આત્માને પણ દેહથી ભિન્ન ઓળખી શકતો નથી. જ્ઞાની એક પણ પરદ્રવ્યને પોતામાં જોડતો નથી, તેનાથી સાથે એનો સંબંધ માનતો નથી; દેહાદિથી સાક્ષાત્ જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા નિર્વિકલ્પ સ્વસંવેદનથી સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. તેને 'હું આ છું' એવી તન્મયબુદ્ધિ જ્ઞાનઆનંદસ્વરૂપમાં જ છે.

અજ્ઞાની જે પોતામાં નથી તેને પોતામાં સમજે છે ને પોતામાં જે ખરું સ્વરૂપ છે તેને તે જાણતો નથી. જ્ઞાની તો સ્વસંવેદનના બળથી જાણે છે કે મારું સ્વરૂપ તો જ્ઞાન છે, જડનો અંશ પણ મારામાં નથી. જ્ઞાનને વિકલ્પો સાથેય એકતા નથી ત્યાં બાહ્યવસ્તુની શી વાત? આમ આખી દુનિયાનો સંબંધ છોડીને ધર્મી સ્વતત્ત્વની સન્મુખ થાય છે.

સ્વ-પરની ભિન્નતાને જાણતો ને ચૈતન્યસ્વરૂપે પોતાને અનુભવતો જ્ઞાની, સંયોગને પોતામાં ખતવતો નથી એટલે પોતે સંયોગને આધીન થતો નથી. અજ્ઞાની તો પોતાનું અસ્તિત્વ જ દેહાદિસંયોગમાં માનતો થકો, સંયોગઆધીન જ વર્તે છે, એટલે સંયોગઆશ્રિત રાગ-દ્વેષરૂપે જ તે મિથ્યાબુદ્ધિથી પરિણમે છે, વીતરાગી સ્વસંવેદનરૂપ આત્મજ્ઞાન તેને થતું નથી.

દેહાશ્રિત ભેખના જે ઘણા ભેદો ને વિકલ્પો–તે કોઈ આત્મા નથી, આત્મા તો એક જ્ઞાન છે. –તે જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતાવડે જ જણાય છે. જ્ઞાનવડે જ્ઞાનસ્વરૂપને જાણે ત્યારે પરથી સાચું ભેદજ્ઞાન થાય.

જ્યાં દેહ જ જીવનો નથી ત્યાં દેહના વેષ જીવના ક્યાંથી હોય? તે ઉપરાંત અહીં કહે છે કે શુદ્ધાત્મસ્વરૂપનું સાધક એવું ભાવલિંગ એટલે કે નિર્મળપર્યાય, તેને શુદ્ધજીવ કહેવો તે પણ વ્યવહારથી છે–કેમકે તે પણ એક અંશ છે; આત્મા તો અનંતગુણનો અખંડ પિંડ છે. આખા શુદ્ધજીવને એક નિર્મળ પર્યાયથી ઓળખવો તે વ્યવહાર છે. મુનિદશા તે આત્મા, પ્રમત્ત–અપ્રમત્ત તે આત્મા,–એ પણ જ્યાં વ્યવહાર છે ત્યાં દિગંબર શરીર વગેરે દ્રવ્યલિંગ તો આત્મા કેવો? એ અસદ્ભુત એટલે આત્માથી બહાર છે; આત્માની સત્તામાં, આત્માના અસ્તિત્વમાં તે દ્રવ્યલિંગ નથી.

નિર્મળપર્યાયરૂપ જે ભાવલિંગ છે–તે જો કે આત્માની જ શુદ્ધપર્યાય છે, તે કાંઈ આત્માથી જુદી નથી; પણ તે પર્યાયના ભેદથી આત્માને જોવો તે વ્યવહાર છે; પર્યાયને લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે, તેમાં નિર્વિકલ્પ–વીતરાગી સ્વસંવેદન થતું નથી. નિર્વિકલ્પ સમાધિનો વિષય અખંડ શુદ્ધઆત્મા છે; નિર્મળપર્યાયનો ભેદ તે નિર્વિકલ્પસમાધિનો વિષય નથી.

અરે જીવ! આત્મા કેવો છે? તેને તે કદી જાણ્યો નથી. તું કેવો છો, તારું અસ્તિત્વ કેવડું છે–તેની સન્મુખ તું જો. નિર્મળપર્યાય તે શુદ્ધઆત્માને સાધે છે, નિર્મળપર્યાય સાધન થઈને શુદ્ધઆત્માને પ્રસિદ્ધ કરે છે ‘આત્મા આવો છે.’ આ રીતે નિર્મળપર્યાય તે સાધનરૂપ છે ને શુદ્ધઆત્મા તેના વડે સાધ્ય છે. પણ રાગ વડે શુદ્ધઆત્મા સધાતો નથી. રાગ તે શુદ્ધઆત્માનું સાધન નથી. શુદ્ધઆત્માનું સાધન તેની નિર્મળપર્યાય છે,–તેથી વ્યવહારે તે પર્યાયને શુદ્ધઆત્મા કહેવાય છે; વિકાર કે દેહાદિની તો જાત જ જુદી છે તેથી તે તો ઉપચારે–વ્યવહારે પણ શુદ્ધઆત્માનું સ્વરૂપ નથી. શુદ્ધઆત્મા તો વજ્ર જેવો–જેની એક કણી પણ કદી ખરે નહિ, જેનો એક અંશ પણ કદી ઓછો ન થાય,–આવો એકરૂપ શુદ્ધઆત્મા તે જ સાચો આત્મા છે, તે જ નિશ્ચયનયનો આત્મા છે, તે જ સમ્યગ્દ્રષ્ટિનો આત્મા છે, આત્મા તો બધાય આવા જ છે–પણ સમ્યગ્દ્રષ્ટિ જ તેને દેખે છે. અજ્ઞાની તો આત્માને વિકારવાળો ને સંયોગવાળો જ દેખે છે, સાચા આત્માને તે દેખતો નથી; એટલે પરમાત્મતત્ત્વ તેને પ્રકાશિત થતું નથી. જ્ઞાનીને અંત દ્રષ્ટિના વીતરાગી સ્વસંવેદનમાં શુદ્ધ પરમાત્મતત્ત્વ પ્રકાશિત થાય છે. અરે જીવ!

આવું મહાન તારું પરમાત્મતત્ત્વ, તેને તેં કદી સ્વસંવેદનથી પ્રસિદ્ધ કર્યું નથી, એની સામે નજર કરી નથી. સન્તોએ પરમ મહિમાવંત પરમાત્મતત્ત્વ પ્રસિદ્ધ કરીને દેખાડયું છે. પર્યાય વડે આખો આત્મા જણાય છે પણ જાણનારી પર્યાય તે પોતે આખો આત્મા નથી. તે પર્યાય શુદ્ધઆત્માનો સાધક છે એટલે તે આત્માનું ચિહ્ન છે; તે ચિહ્નને જ શુદ્ધઆત્મા કહી દેવો તે અંશમાં અંશીનો ઉપચાર છે એટલે વ્યવહાર છે. ને અખંડ આત્મા જે નિર્વિકલ્પ સ્વસંવેદનમાં આવે છે તે પરમાર્થ છે, નિશ્ચય છે; આવા નિશ્ચય–વ્યવહારરૂપ આત્મા છે, તેનાથી બહાર પર ભાવ કે દેહાદિ તે આત્મા નથી, એમ જ્ઞાની અનુભવે છે.

**અહા, સ્વાનુભવની ચર્ચા કરે તેને પણ ધન્ય કહ્યો, તો જેઓ સ્વાનુભવરૂપે સાક્ષાત્ પરિણમ્યા છે સ્વયં અધ્યાત્મરૂપ બન્યા છે–એવા સંતોના મહિમાની શી વાત! અને જેને એવા સંતોનો સાક્ષાત્ સમાગમ મળ્યો, એમના ચરણોની સાક્ષાત્ ઉપાસના મળી અને એમની વાણીનું સાક્ષાત્ શ્રવણ મળ્યું, એના કેવા ધન્ય ભાગ્ય!!**

# વિ વિ ધ વ ચ ના મૃ ત

( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંકઃ ૧૫ )

## ( ૨૧૧ ) ચારિત્ર

અહા, ચારિત્રદશા તો પૂજ્ય છે, ચારિત્ર તો આત્માનો વૈભવ છે, તે ચારિત્ર તો સાક્ષાત્ કેવળજ્ઞાનને બોલાવે છે. ચારિત્રદશામાં તો ઘણો અતીન્દ્રિય આનંદ છે. ચારિત્રવંત મુનિ એ તો સિદ્ધના અને અરિહંતોના એકદમ નજીકના પાડોશી છે. રાગની પરિણતિથી દૂર થઈને નિજસ્વરૂપના અનંતગુણના વેદનમાં જે ઠર્યા છે–એવા મુનિને ચારિત્રદશા હોય છે. અહા, આવા ચારિત્રવંત મુનિના દર્શન થાય તો એમનાં ચરણો સેવીએ. ને એમના શ્રીમુખેથી શુદ્ધાત્માના વૈભવની વાત સાંભળીએ, વિદેહ ક્ષેત્રમાં તો એવા ઘણા મુનિવરો અત્યારે વિચરી રહ્યા છે, પણ અહીં એનાં દર્શન દુર્લભ થઈ ગયા છે.

卐

## ( ૨૧૨ ) તારું શુદ્ધતત્ત્વ, તેને ઉપાદેય કર,

હે જીવ !

* આ શરીર તો ધૂળ છે. તે તારા તત્ત્વમાં નથી.
* કર્મ પણ ઝીણી ધૂળ છે, તે તારા તત્ત્વમાં નથી.
* રાગાદિ ભાવો તે મેલ છે, તે પણ તારા શુદ્ધતત્ત્વમાં નથી.
* તારું શુદ્ધતત્ત્વ શરીર વગરનું કર્મ વગરનું, રાગ વગરનું, પરમ જ્ઞાન ને આનંદમય છે. આવા તારા શુદ્ધ તત્ત્વને જ તું ઉપાદેય જાણ.

શુદ્ધતત્ત્વને સ્વાનુભવદ્વારા ઉપાદેય કરતાં તારા રાગાદિ મેલ ટળી જશે. ને શરીરનો તથા કર્મનો સંબંધ છૂટી જશે. પરમ આનંદમય અને કેવળજ્ઞાનમય એવી પરમાત્મદશા તને પ્રગટશે.

卐

## ( ૨૧૩ ) આરાધ્યની આરાધના.

આરાધ્ય શુદ્ધ આત્મદ્રવ્ય,<br>
આરાધના કરનારી શુદ્ધપર્યાય.

હવે, આરાધના કરનાર પોતાના આરાધ્યની સાથે તન્મયરૂપ થયા વગર સાચી આરાધના થઈ શકે નહિ. આરાધક–પર્યાય આરાધ્યદ્રવ્યની સાથે તદ્રુપ થઈને પરિણમે છે ત્યારે જ સાચી આરાધના થાય છે.

**( ૨૧૪ ) આત્મા.**

આત્મા ભેદાભેદ સ્વરૂપ છે.

આત્માને કોની સાથે ભેદ છે?

પરદ્રવ્યો સાથે આત્માને ભેદ છે, એટલે કે જુદાઈ છે.

આત્માને કોની સાથે અભેદ છે?

પોતાના જ્ઞાનાદિ અનંતગુણો સાથે આત્માને અભેદ છે, એટલે કે તેનાથી જુદાઈ નથી, એકતા છે.

એજ આત્માને આચાર્યદેવે 'એકત્વવિભક્ત' કહીને સમજાવ્યો છે.

એકત્વ એટલે પોતાના ગુણપર્યાયોમાં અભેદ અને વિભક્ત એટલે પરદ્રવ્યોથી ને પરભાવોથી ભિન્ન.

–આવા શુદ્ધ આત્માને જાણવો તે ભેદજ્ઞાન છે.

**( ૨૧૫ ) આકાશ અને આત્મા.**

જે અનંત આકાશ, તેને જાણી લેવાની તાકાતવાળો અનંતશક્તિસમ્પન્ન આત્મા, તે આકાશના અનંતમા ભાગમાં સમાઈ ગયો છે.

અને આત્માના કેવળજ્ઞાનરૂપી દર્પણમાં, અનંત આકાશ એક રજકણની જેમ જ્ઞેયપણે સમાઈ ગયું છે.

આવા અચિંત્ય જ્ઞાનસામર્થ્યનું માપ ક્ષેત્રના વિસ્તાર વડે નહિ નીકળે; જ્ઞાનપર્યાયને તે જ્ઞાનશક્તિ તરફ વાળતાં જ જ્ઞાનની અચિંત્ય તાકાત લક્ષગત થાય છે. જ્ઞાનની તાકાત જ્ઞાન વડે જ જણાય છે, રાગ વડે તે લક્ષગત થતી નથી. આવી જ્ઞાન તાકાતનો જેને વિશ્વાસ આવે તેને રાગાદિ પરભાવ સાથેની એકતાબુદ્ધિ રહે નહિ, સંયોગબુદ્ધિ રહે નહિ, 'હું તો જ્ઞાન છું–એમ તે નિઃશંક જાણે છે.

**( ૨૧૬ ) પરમાં સુખબુદ્ધિ તે પાપનું મૂળ.**

બાહ્ય વિષયોમાં ને બાહ્ય સંયોગમાં જેણે સુખ માન્યું તે બાહ્યવિષયો અને બાહ્યસંયોગો માટે શું–શું પાપ નહીં કરે? ચૈતન્યના સુખને ચૂકીને બાહ્યવિષયોમાં જ જેણે સુખ માન્યું તે જીવ બાહ્યવિષયોમાં જ સુખને માટે ઝાંવા નાખતો થકો, તીવ્ર હિંસા–અસત્ય વગેરે બધા પાપ કરતાં અચકાતો નથી, કેમ કે ત્યાં જ સર્વસ્વ માન્યું છે. અરે, મારું સુખ તો મારા આત્મામાં છે, વિષયોમાં ક્યાંય મારું સુખ નથી–એવું અંતર્લક્ષ કરતાં મિથ્યાત્વ છૂટે, પરમાં સુખબુદ્ધિ મટે, એટલે તીવ્ર પાપ પરિણામ

એને રહે નહીં. માટે આત્માનું સ્વરૂપ લક્ષમાં લઈને તેની રુચિ કર.

卐

**( ૨૧૭ ) કામની વસ્તુ.**

અરે, જેનું લક્ષ કરતાં રાગ ને દુઃખ થાય એ વસ્તુ મારે શા કામની ?

જેનું લક્ષ કરતાં વીતરાગી આનંદ થાય એવી સ્વ–વસ્તુ જ મારે કામની છે.

આમ સમજીને ધર્મીજીવ સ્વદ્રવ્યમાં રત થાય છે.

**( ૨૧૮ ) અંદર ઊતર.**

જગતનું જે થાય તે થવા દે, દેહનું જે થતું હોય તે થવા દે–પણ તું અંદરમાં જા.. એકવાર અંતરસ્વરૂપને લક્ષમાં લઈને તેની અંદર...ઊતર અંદર મહા આનંદ છે...જ્ઞાન ચેતનાનો મહાવિલાસ અંદર છે...અંદર જા...પછી તને બહાર આવવું ગમશે નહીં.

卐

**( ૨૧૮ ) હે જીવ ! આત્માને રહેંસી ન નાખ.**

'શરીર વિના હું ન રહી શકું'–એમ માનીને હે જીવ ! મિથ્યામાન્યતારૂપ હિંસામાં તું તારા આત્માને રહેંસી ન નાંખ. શરીર વિના હું ન રહી શકું,–એટલે જડથી ભિન્ન જ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપે મારું સ્વતંત્ર અસ્તિત્વ છે–એમ તેં ન સ્વીકાર્યું. ને જડના અસ્તિત્વમાં તેં તારું અસ્તિત્વ સ્વીકાર્યું એ તો તારી મોટી ભૂલ છે. પ્રભુ ! તારો આત્મા સદા કાળ જડથી જુદાપણે ને કેવળજ્ઞાનાદિ અનંતગુણો સાથે તન્મયપણે જ બિરાજી રહ્યા છે–તેને તું જાણ. તારું કોઈ એંધાણ જડમાં નથી. ભાઈ, જ્ઞાનમય અનંતગુણનો રાશિ એવો તું જ્ઞાનરહિત જડમાં કેમ મોહ્યો ! તારા અનંતગુણને સંભાળ, ને તેના આનંદને અનુભવ.

卐

**( ૨૨૦ ) અંતર્મુખ અવલોકતાં-આનંદનો નહિ પાર.**

બહારમાં હું છું જ નહીં,–પછી બહારના પ્રસંગથી મને દુઃખ કેમ થાય ? હું તો મારા અંતર્સ્વરૂપમાં છું, ને અંતર્સ્વરૂપમાં તો એકલો આનંદ જ ભર્યો છે.–આમ ધર્મી જીવ અંતર્મુખ થઈને પોતાને આનંદસ્વરૂપે જ અનુભવે છે. એના આનંદનો પાર નથી. આનંદના દરિયા એના આત્મામાં ઊછળે છે. 'અહો ! અંતર્મુખ અવલોકતા..આનંદનો નહિ પાર.'

# ( ૧૮ )

# જિનેન્દ્ર-દર્શનનો ભાવભીનો ઉપદેશ

**ભગવાનની પ્રતિમા જોતાં 'અહો, આવા ભગવાન!' એમ એકવાર પણ જો સર્વજ્ઞ દેવનું યથાર્થ સ્વરૂપ લક્ષગત કરી લીધું તો કહે છે કે ભવથી તારો બેડો પાર છે. સવારમાં ભગવાનના દર્શનવડે પોતાના ઇષ્ટધ્યેયને સંભાળીને પછી જ શ્રાવક બીજી પ્રવૃત્તિ કરે. એ જ રીતે પોતે જમતાં પહેલાં હંમેશા મુનિવરોને યાદ કરે કે અહા, કોઈ સંત-મુનિરાજ કે ધર્માત્મા મારા આંગણે પધારે તો ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવીને પછી હું જમું. દેવ-ગુરુની ભક્તિનો આવો પ્રવાહ શ્રાવકના હૃદયમાં વહેતો હોય. ભાઈ! ઊઠતાંવેંત સવારમાં તને વીતરાગ ભગવાન યાદ નથી આવતા, ધર્માત્મા સંત-મુનિ યાદ નથી આવતા, ને સંસારના ચોપાનિયાં વેપાર-ધંધા કે સ્ત્રી આદિ યાદ આવે છે, તો તું જ વિચાર કે તારી પરિણતિ કઈ તરફ જઈ રહી છે?**

ભગવાન સર્વજ્ઞદેવની શ્રદ્ધાપૂર્વક ધર્મીશ્રાવકને રોજ જિનેન્દ્રદેવના દર્શન, સ્વાધ્યાય, દાન વગેરે કાર્યો હોય છે તેનું વર્ણન ચાલે છે; જે જીવ જિનેન્દ્રદેવના દર્શન–પૂજન નથી કરતો તથા મુનિવરોને ભક્તિપૂર્વક દાન નથી દેતો તેનું ગૃહસ્થપણું પત્થરની નૌકાસમાન ભવસમુદ્રમાં ડુબાડનાર છે–એમ કહે છે–

यौर्नित्यं न विलोक्यते जिनपतिः न स्मर्यते नार्च्यते
न स्तूयेत न दीयते मुनिजने दानं च भक्त्या परम्।
सामर्थ्ये सति तद्गृहाश्रमपदं पाषाणनावा समं
तत्रस्था भवसागरेतिविषमे मज्जन्ति नश्यन्नि च।।१८।।

સામર્થ્ય હોવા છતાં પણ જે ગૃહસ્થ હંમેશા પરમ ભક્તિથી જિનપતિના દર્શન

નથી કરતો, અર્ચન નથી કરતો ને સ્તવન નથી કરતો, તેમ જ પરમ ભક્તિથી મુનિજનોને દાન નથી દેતો, તેનું ગૃહસ્થાશ્રમપદ પત્થરની નાવ સમાન છે; તે પત્થરની નૌકા જેવા ગૃહસ્થપદમાં સ્થિત થયેલો તે જીવ અત્યંત ભયંકર એવા ભવસાગરમાં ડૂબે છે ને નષ્ટ થાય છે.

જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્માનાં દર્શન–પૂજન તે શ્રાવકનું હંમેશનું કર્તવ્ય છે. હંમેશના છ કર્તવ્યમાં પણ સૌથી પહેલું કર્તવ્ય જિનેન્દ્રદેવના દર્શન પૂજન છે. સવારમાં ભગવાનનાં દર્શન વડે પોતાના ધ્યેયરૂપ ઇષ્ટપદને સંભાળીને પછી જ શ્રાવક બીજી પ્રવૃત્તિ કરે. એ જ રીતે પોતે જમતાં પહેલાં હંમેશા મુનિવરોને યાદ કરે કે અહા, કોઈ સંતમુનિરાજ કે ધર્માત્મા મારા આંગણે પધારે તો ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવીને પછી હું જમું–આ રીતે શ્રાવકના હૃદયમાં દેવગુરુની ભક્તિનો પ્રવાહ વહેતો હોય. જે ઘરમાં આવી દેવ–ગુરુની ભક્તિ નથી તે ઘર તો પથરાની નૌકા જેવું ડુબાડનાર છે. છઠ્ઠા અધિકારમાં ( શ્રાવકાચાર–ઉપાસકસંસ્કાર ગાથા ૩૫ માં ) પણ કહ્યું હતું કે દાન વગરનો ગૃહસ્થાશ્રમ પત્થરની નૌકાસમાન છે. ભાઈ! ઉઠતાવેંત સવારમાં તને વીતરાગી ભગવાન યાદ નથી આવતા, ધર્માત્મા સંત–મુનિ યાદ નથી આવતા, ને સંસારના ચોપાનિયાં વેપારધંધા કે સ્ત્રી આદિ યાદ આવે છે તો તું જ વિચાર કે તારી પરિણતિ કઈ તરફ જઈ રહી છે?–સંસાર તરફ કે ધર્મ તરફ? આત્મપ્રેમી હોય તેનું તો જીવન જ જાણે દેવ–ગુરુમય થઈ જાય.

**‘હરતા ફરતાં પ્રગટ હરિ દેખું રે..**
**મારું જીવ્યું સફળ તબ લેખું રે..’**

પં. બનારસીદાસજી કહે છે કે “ जिनप्रतिमा जिनसारखी ” જિનપ્રતિમામાં જિનવરદેવની સ્થાપના છે, તેના ઉપરથી જિનવરદેવનું સ્વરૂપ જે ઓળખી લ્યે છે, એ રીતે જિનપ્રતિમાને જિનસમાન જ દેખે છે. તે જીવને ભવસ્થિતિ અતિ અલ્પ હોય છે, અલ્પકાળે તે મોક્ષ પામે છે. “षटखंडागम” ( ભાગ ૬, પાનું ૪૨૭ ) માં પણ જિનબિંબદર્શનને સમ્યક્ત્વની ઉત્પત્તિનું નિમિત્ત કહ્યું છે તથા તેનાથી નિદ્ધત્ત અને નીકાચીતરૂપ મિથ્યાત્વાદિ કર્મકલાપનો પણ ક્ષય થવાનું કહ્યું છે, એની રુચિમાં વીતરાગી–સર્વજ્ઞ સ્વભાવ પ્રિય લાગ્યો છે ને સંસારની રુચિ એને છૂટી ગઈ છે એટલે નિમિત્તમાં પણ એવા વીતરાગી નિમિત્ત પ્રત્યે તેને ભક્તિભાવ ઉછળે છે. જે પરમ ભક્તિથી જિનેન્દ્રભગવાનના દર્શન નથી કરતો, તો એનો અર્થ એ થયો કે વીતરાગભાવ નથી રુચતો, એને તરવાનું નિમિત્ત નથી રુચતું પણ સંસારમાં ડુબવાનું નિમિત્ત રુચે છે. જેવી રુચિ હોય તેવા પ્રકાર તરફ વલણ

ગયા વગર રહે નહિ. માટે કહે છે કે વીતરાગી જિનદેવને દેખતાં જેના અંતરમાં ભક્તિ નથી ઉલ્લસતી, જેને પૂજા–સ્તુતિનો ભાવ નથી જાગતો તે ગૃહસ્થ દરિયા વચ્ચે પત્થરની નાવમાં બેઠો છે. નિયમસારમાં પદ્મપ્રભમુનિ કહે છે કે હે જીવ!

भवभयभेदिनी भगवति भवत: किं भक्तिरत्र न शमस्ति ?
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि।।१२।।

ભવભયને ભેદનારા એવા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? જો નથી તો તું ભવસમુદ્રની વચ્ચે મગરના મુખમાં છે.

અરે, મોટા મોટા મુનિઓ પણ જિનદેવના દર્શન અને સ્તુતિ કરે છે ને તને જો એવો ભાવ નથી આવતો, ને એકલા પાપમાં જ રચ્યોપચ્યો રહે છે તો તું ભવસમુદ્રમાં ડુબી જઈશ, ભાઈ! માટે તારે આ ભવદુઃખના દરિયામાં ન ડુબવું હોય ને એનાથી તરવું હોય તો સંસાર તરફનું તારું વલણ બદલીને વીતરાગી દેવ–ગુરુ તરફ તારા પરિણામને વાળ, તેઓ ધર્મનું સ્વરૂપ શું કહે છે તે સમજ, તેમણે કહેલા આત્મસ્વરૂપને રુચિમાં લે; તો ભવસમુદ્રમાંથી તારો છૂટકારો થશે.

ભગવાનની મૂર્તિમાં 'આ ભગવાન છે, એવો સ્થાપના નિક્ષેપ ખરેખર સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે; કેમકે, સમ્યગ્દર્શનપૂર્વક પ્રમાણજ્ઞાન હોય છે, પ્રમાણપૂર્વક સમ્યક્ નય હોય છે, ને નય વડે સાચો નિક્ષેપ થાય છે. નિક્ષેપ નય વિના નહિ, નય પ્રમાણ વિના નહિ, ને પ્રમાણ શુદ્ધાત્માની દ્રષ્ટિ વગર નહીં. અહા, જુઓ તો ખરા, આ વસ્તુસ્વરૂપ! જૈન દર્શનની એક જ ધારા ચાલી જાય છે. ભગવાનની પ્રતિમા જોતાં 'અહો આવા ભગવાન! એમ એકવાર પણ જો સર્વજ્ઞદેવનું યથાર્થ સ્વરૂપ લક્ષગત કરી લીધું, તો કહે છે કે ભવથી તારો બેડો પાર છે!

અહીં એકલા દર્શન કરવાની વાત નથી કરી, પણ એક તો 'પરમ ભક્તિ' થી દર્શન કરવાનું કહ્યું છે, તેમજ અર્ચન (–પૂજન) અને સ્તુતિ કરવાનું કહ્યું છે, સાચી ઓળખાણપૂર્વક જ પરમ ભક્તિ જાગે; ને સર્વજ્ઞદેવને સાચી ઓળખાણ હોય ત્યાં તો આત્માનો સ્વભાવ લક્ષગત થઈ જાય, એટલે તેને દીર્ઘસંસાર હોય નહીં. આ રીતે ભગવાનના દર્શનની વાતમાં પણ ઊંડુ રહસ્ય છે. માત્ર ઉપર ઉપરથી માની લ્યે કે, સ્થાનકવાસી લોકો મૂર્તિને ન માને ને આપણે દિગંબર–જૈન એટલે મૂર્તિને માનીએ,–તો એવા રુઢિગત ભાવથી દર્શન કરે, તેમાં ખરો લાભ થાય નહિ, સર્વજ્ઞદેવની ઓળખાણ સહિત કરે તો જ ખરો લાભ થાય. (આ વાત 'સત્તા સ્વરૂપ' માં ઘણા વિસ્તારથી સમજાવી છે.)

અરે ભાઈ! તને આત્માનાં તો દર્શન કરતાં ન આવડે ને આત્માનું સ્વરૂપ દેખવા માટે દર્પણ સમાન એવા જિનદેવનાં દર્શન પણ તું નથી કરતો, તો તું ક્યાં જઈશ બાપુ! જિનેન્દ્રભગવાનનાં દર્શન–પૂજન પણ ન કર ને તું તને જૈન કહેવડાવ,–એ તારું જૈનપણું કેવું? જે ઘરમાં રોજરોજ ભક્તિપૂર્વક દેવ–ગુરુનાં દર્શન–પૂજન થાય છે, મુનિવરો વગેરે ધર્માત્માને આદરપૂર્વક દાન દેવાય છે–તે ઘર ધન્ય છે; અને એના વગરનું ઘર તો સ્મશાનતૂલ્ય છે. અરે! વીતરાગી સન્ત આથી વિશેષ શું કહે? એવા ધર્મ વગરના ગૃહસ્થાશ્રમને તો હે ભાઈ! દરિયાના ઊંડા પાણીમાં તિલાંજલિ દઈ દેજે!–નહિતર એ તને ડુબાડશે!

ધર્મી જીવ રોજ–રોજ જિનેન્દ્રભગવાનના દર્શનાદિ કરે છે. જેમ સંસારના રાગી જીવો સ્ત્રી– પુત્રાદિના મોઢાંને કે ફોટાને પ્રેમથી જાુએ છે, તેમ ધર્મનો રાગી જીવ વીતરાગપ્રતિમાના દર્શન ભક્તિથી કરે છે. રાગની દિશા બદલાવતાં પણ જેને ન આવડે તે વીતરાગમાર્ગને કઈ રીતે સાધશે? જેને વહાલા પુત્ર–પુત્રીને ન દેખે તો એની માતાને ચેન પડતું નથી, અથવા માતાને ન દેખે તો બાળકને ચેન પડતું નથી, તેમ ભગવાનના દર્શન વગર ધર્માત્માને ચેન પડતું નથી. 'અરેરે આજ મને પરમાત્માના દર્શન ન થયા; આજે મે મારા ભગવાનને ન દીઠા, મારા વહાલા નાથના દર્શન આજે મને ન મળ્યા?" આમ ધર્મીને ભગવાનના દર્શન વગર ચેન પડતું નથી. (ચેલણા રાણીને જેમ શ્રેણીકના રાજમાં પહેલાં ચેન પડતું ન હતું તેમ.) અંતરમાં પોતાને ધર્મની લગની છે ને પૂર્ણદશાની ભાવના છે એટલે પૂર્ણદશાને પામેલા ભગવાનને ભેટવા માટે ધર્મીના અંતરમાં ખટક ગરી ગઈ છે; સાક્ષાત્ તીર્થંકરના વિયોગમાં તેમની વીતરાગપ્રતિમાને પણ જિનવર સમાન જ સમજીને ભક્તિથી દર્શન પૂજન કરે છે, ને વીતરાગના બહુમાનથી એવી ભક્તિ સ્તુતિ કરે કે જોનારનાય રોમરોમ ઉલ્લસી જાય. આ રીતે જિનેન્દ્ર દેવના દર્શન, મુનિવરોની સેવા, શાસ્ત્રસ્વાધ્યાય, દાન વગેરેમાં શ્રાવક પ્રતિદિન વર્તે છે.

અહીં તો મુનિરાજ કહે છે કે શક્તિ હોવા છતાં રોજ રોજ જે જિનદેવના દર્શન નથી કરતો તે શ્રાવક જ નથી; તે તો પત્થરની નૌકામાં બેસીને ભવસાગરમાં ડૂબે છે. તો પછી વીતરાગપ્રતિમાના દર્શન–પૂજનનો જે નિષેધ કરે એની તો વાત શી કરવી?–એમાં તો જિનમાર્ગની ઘણી વિરાધના છે, અરે સર્વજ્ઞને પૂર્ણ પરમાત્મદશા પ્રગટી ગઈ તેવી પરમાત્મદશાનો જેને પ્રેમ હોય, તેને તેના દર્શનનો ઉલ્લાસ આવ્યા વગર કેમ રહે? એ તો પ્રતિદિન ભગવાનના દર્શન કરીને પોતાની પરમાત્મદશારૂપ ધ્યેયને રોજરોજ તાજાું કરે છે.

ભગવાન દર્શનની જેમ મુનિવરો પ્રત્યે પણ ધર્મીને પરમ ભક્તિ હોય. ભરત ચક્રવર્તી જેવા પણ મહાન આદરપૂર્વક ભક્તિથી મુનિઓને આહારદાન દેતા, ને પોતાના આંગણે મુનિ પધારે ત્યારે પોતાને ધન્ય માનતા. અહા! મોક્ષમાર્ગી મુનિના દર્શન પણ ક્યાંથી!! એ તો ધન્ય ભાગ્ય ને ધન્ય ઘડી! મુનિના વિરહે મોટા ધર્માત્માઓ પ્રત્યે પણ એવો બહુમાનનો ભાવ આવે કે અહો ધનભાગ્ય, મારા આંગણે ધર્માત્માનાં પગલાં થયાં! આવા ધર્મના ઉલ્લાસથી ધર્મીશ્રાવક મોક્ષમાર્ગને સાધે છે; ને જેને ધર્મનો આવો પ્રેમ નથી તે સંસારમાં ડૂબે છે.

કોઈ કહે મૂર્તિ તો પાષાણની છે! પણ ભાઈ, એમાં જ્ઞાનબળે પરમાત્માનો નિક્ષેપ કર્યો છે કે 'આ પરમાત્મા છે.' એ નિક્ષેપની ના પાડવી તે જ્ઞાનની જ ના પાડવા જેવું છે. જિનબિંબદર્શનને તો સમ્યગ્દર્શનનું નિમિત્ત ગણ્યું છે, તે નિમિત્તનો પણ જે નિષેધ કરે તેને સમ્યગ્દર્શનની ખબર નથી. સમન્તભદ્રસ્વામી તો કહે છે કે હે જિન! અમને તારી સ્તુતિનું વ્યસન પડી ગયું છે. જેમ વ્યસની મનુષ્ય પોતાના વ્યસનની વસ્તુ વગર રહી શકતો નથી તેમ સર્વજ્ઞના ભક્તોને સ્તુતિનું વ્યસન છે એટલે ભગવાનની સ્તુતિ–ગુણગાન વગર તે રહી શકતા નથી. ધર્માત્માના હૃદયમાં સર્વજ્ઞદેવના ગુણગાન કોતરાઈ ગયા છે. અહા! સાક્ષાત્ ભગવાનને દેખવાનું મળે એ તો બલિહારી છે. કુંદકુંદાચાર્ય જેવાએ વિદેહમાં જઈને સીમંધરનાથને સાક્ષાત્ દેખ્યા. એમની તો શી વાત! અત્યારે તો અહીં એવો કાળ નથી. અરે, તીર્થંકરનો વિરહ, કેવળીઓનો વિરહ, મોટા સંતમુનિઓનો પણ વિરહ, એવા કાળે જિનપ્રતિમાના દર્શન વડે પણ ધર્મી જીવ ભગવાનનું સ્વરૂપ યાદ કરે છે.

આ રીતે વીતરાગ જિનમુદ્રા જોવામાં જેને હોંશ ન આવે તે જીવ સંસારની તીવ્ર રુચિને લીધે ભવના દરિયામાં ડુબવાનો છે. વીતરાગનો ભક્ત તો વીતરાગદેવનું નામ સાંભળતાં ને દર્શન કરતાં હર્ષિત થઈ જાય. જેમ સારા વિનયવંત પુત્રો રોજ સવારમાં માતા–પિતા પાસે જઈને વિવેકથી પગે લાગે છે, તેમ ધર્મી જીવ પ્રભુ પાસે બાળક જેવા થઈને વિનયથી રોજે રોજ ધર્મપિતા–જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરે છે, સ્તુતિ પૂજા કરે છે; મુનિવરોને ભક્તિથી આહાર દાન કરે છે. આવા વીતરાગી દેવ–ગુરુની ભક્તિ વગરનો જીવ મિથ્યાત્વની નાવમાં બેસીને ચારગતિના સમુદ્રમાં ડુબે છે ને મોંઘા મનુષ્ય જીવનને નષ્ટ કરી નાખે છે. માટે ધર્મના પ્રેમી જીવે દેવ–ગુરુની ભક્તિના કાર્યોમાં હંમેશા પોતાના ધનનો અને જીવનનો સદુપયોગ કરવો–એમ ઉપદેશ છે.

# પચીસ વર્ષ પહેલાંના પ્રવચનમાંથી

## થોડાંક....મધુર....સંભારણાં..



પચીસ વર્ષ પહેલાં સોનગઢમાં સીમંધરપ્રભુ વગેરે ભગવંતોની પધરામણીનો જે ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો તે વખતે ગુરુદેવની વાણીમાં ભક્તિરસની કોઈ અનેરી લહેરીઓ વહેતી હતી.

પચીસ વર્ષ પહેલાંના પ્રવચનમાં ગુરુદેવના ઉદ્‌ગાર નીકળેલા કે "ભાઈ! આ તો હજી શરૂઆત છે, હજી 'કળશ' ચડવાનો બાકી છે. આમાં બે વાત આવી જાય છે–એક તો જિનમંદિર ઉપર કળશ ચડવાનો બાકી છે તે; અને તે ઉપરાંત હજી કાંઈ કાંઈ નવીન (ધર્મવૃદ્ધિ) થશે...જેનાં ભાગ્ય હશે તે જોશે.

ભગવાનની પ્રતિષ્ઠા થઈ તે ફાગણ સુદ બીજને દિવસે 'શુક્રવાર' હતો....તેનો

ઉલ્લેખ કરીને પ્રવચનમાં ગુરુદેવે કહ્યું–આજે શુક્રવાર...ને સામા શુક્રવારે ભગવાનની પ્રતિષ્ઠા....જુઓ, આ શુક્રવારે દાળીયા થવાના છે....આત્માનું દાળદર ટાળવું હોય તેને ટળી જશે. લોકોમાં કહે છે કે કાંઇ 'શકરવાર' થાય તેમ છે એટલે કાંઈ આપણા દાળીયા થાય છે! તો કહે છે કે હા, અહીં શુક્રવારે દાળીયા થવાના છે, દાળદર ટળવાનાં છે....ત્રિલોકનાથ ભગવાન ભેટવાના છે. એવા 'શુક્રવાર' થવાના છે કે જે ભગવાનની ઓળખાણ કરે તેને ભવ ન રહે.

૧૯૯૬ ના ફાગણ સુદ બીજે સંઘસહિત ગીરનારતીર્થની યાત્રા કરી હતી, તેને યાદ કરીને ગુરુદેવ પચીસ વર્ષ પહેલાંના પ્રવચનમાં કહે છે કે જુઓ, ગયા વર્ષે નેમનાથપ્રભુની કલ્યાણભૂમિ ગીરનાર પર્વત ઉપર સમશ્રેણીની ટૂંકે (પંચમટૂંકે) બરાબર ફાગણ સુદ બીજે હતા, ને અહીં આ વર્ષે બરાબર ફાગણ સુદ બીજને જ દિવસે નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા થશે (મંદિરના ઉપરના ભાગમાં નેમપ્રભુ બિરાજે છે.) સમશ્રેણીની ટૂંકે ભગવાનની ભક્તિ અને આત્માની ધૂન કરીને જ્યારે નીચે આવ્યા ત્યારે લોકો હોંશથી એમ કહેતા હતા કે 'અમે તો જાણે મોક્ષમાં જઈ આવ્યા....તેવું લાગે છે' ત્યાં જે દિવસ હતો તે જ દિવસે અહીં ભગવાનની પ્રતિષ્ઠા થશે. માંગલિકમાં બધો મેળ કુદરતે થઈ જાય છે.

ભગવાનની પ્રતિષ્ઠા કરાવનારને શ્રી ગુરુ કહે છે કે તારું જીવન ધન્ય છે. ભગવાનની પ્રતિષ્ઠા થતાં ભક્તો કહે છે કે અહો, આ વીતરાગદેવ પધાર્યા....આજે અમને ભગવાન ભેટયા. હે નાથ! તારા વિયોગમાં તારી પ્રતિષ્ઠા કરીને તને અમારા અંતરમાં પધરાવીએ છીએ

પ્રવચનમાં ગદગદ ભાવથી ગુરુદેવ બોલતા હતા–ભરતક્ષેત્રના ભક્તો કહે છે કે હે નાથ! આ ભરતક્ષેત્રે તારા વિરહ પડયા છે...અહો, મહાવિદેહે બિરાજતા ચૈતન્ય મૂર્તિ પ્રભુ....જેના ચરણની સો સો ઇન્દ્રો સેવા કરી રહ્યા છે એવા નાથનો અમને અહીં વિરહ પડયો, આવો મનુષ્યભવ મળ્યો....પણ ઉત્તમમાં ઉત્તમ સાધનનો વિયોગ પડયો....હે પ્રભો! તારા આ જાતના વિરહથી અમારો કાળ જાય છે. હે સીમંધરનાથ! તારો સાક્ષાત્ વિરહ છે તે અહીં પ્રતિષ્ઠા કરીને ટાળશું. હે નાથ! જ્યાં આપ સાક્ષાત્ બિરાજો ત્યાં અમારા અવતાર નહિ....અમે આપનાથી દૂર પડયા તોપણ હે નાથ! અમે અમારા આત્મામાં આપની પ્રતિષ્ઠા કરીને અમારું પૂરું કરશું.

એ વખતે ઉત્સવ દરમિયાન પ્રવચનમાં ગુરુદેવે પદ્મનંદી પચીસીમાંથી શાંતિનાથસ્તોત્ર વાંચ્યું હતું...સીમંધરભગવાનની સાથે સાથે (આસપાસમાં) શાંતિનાથપ્રભુ તથા પદ્મપ્રભભગવાન પણ પધાર્યા છે.

એકકોર પ્રતિષ્ઠા મહોત્સવમાં પંચકલ્યાણકનાં દૃશ્યો રચાતા હતા, તો બીજી કોર ગુરુદેવ પ્રવચનમાં પણ કલ્યાણક પ્રસંગોનું રોમાંચકારી વર્ણન કરતા હતા. તીર્થંકરના જન્મ કલ્યાણક વખતે ઇન્દ્ર આવે, માતાની સ્તુતિ કરે છે તેનું વર્ણન કરતાં ગુરુદેવે કહ્યું–

હે માતા! તે જગતને દીવો દીધો....હે જગતદીપકની દાતાર, માતા! તેં અમને જગતપ્રકાશક દીવો આપ્યો. હે લોકની માતા! તેં અમને જગતનો નાથ આપ્યો. તું તીર્થંકરભગવાનની જનેતા છો.

જે દિવસે ભગવાનનો જન્મ કલ્યાણક થયો તે દિવસના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું– હમણાં તો ભગવાન પધારે છે એટલે આઠેય દિવસ ભગવાનને ભાવવા છે. કોઈ પૂછે કે ભગવાનને ભાવવાથી શું થવાનું? તો કહે છે કે ભગવાનને ભાવવાથી ભગવાન થવાના!

જેને જેનો રંગ લાગે, તેનું ત્યાં વલણ વળે. સૂતા ને જાગતાં જેને સર્વજ્ઞ ભગવાનનો રંગ લાગ્યો અને મારો આત્મા ભગવાન જેવો, એવું ભાન થયું તેનું વલણ આત્મા તરફ વળીને તે ભગવાન થયા વિના રહે નહિ. અહો, અંદર વિચારો કે 'હું ક્યાં ઊભો છું!' જૈન વાડામાં જન્મીને પણ કદી ભગવાનની ભક્તિના પાના ચડયા નહિ....રંગ લાગ્યા નહિ તો તે અંદરના ભગવાન તરફ તો વળે ક્યાંથી?

વીતરાગતાના પ્રેમીને વીતરાગ ભગવાનને ભેટતાં હોંશ આવે છે. ભગવાનના ભક્ત ભગવાન પાસે જઈને કહે છે કે હે નાથ! હે પ્રભુ! આપની વીતરાગતાના પ્રેમથી આપને મળવા આવ્યો છું....પ્રભુ! મારા અંતરમાં તારા પ્રત્યે પ્રેમ જાગ્યો છે તે બીજા શું જાણશે? નાથ! આપ જાણો ને હું જાણું! હે નાથ! તારી વીતરાગી મુદ્રા નીહાળતાં અંદરથી એવો આહ્‌લાદ આવી જાય છે કે જાણે હમણાં અંદરથી પ્રભુતા પ્રગટી....કે પ્રગટશે? હે નાથ! તને ભાળતાં હું મારી પ્રભુતાને જ ભાળું છું....મારા જ્ઞાનને જ ભાળું છું. જુઓ! આ ભક્તિના ટાણાં આવ્યા છે....આવા મોંઘા દિવસો બહુ ઓછા આવે છે. સંસારની પ્રીતિ ઘટાડીને વીતરાગ ભગવાનની ઓળખાણ કરીને તેમના ગાણાં પાત્ર જીવો ગાય છે....તેમાં તેમની રુચિ તો ભગવાન જેવા પોતાના શુદ્ધ આત્મસ્વભાવ ઉપર જ પોષાય છે.

ભરતક્ષેત્રે ભગવાનનો વિરહ અને છતાં ભગવાનના માર્ગની નિઃશંકતા એ બંનેની મિશ્ર લાગણીથી પ્રવચનમાં એકાવન વર્ષની વયના ગુરુદેવ કહે છે કે–હે નાથ! તીર્થંકરના વિરહે ભરતક્ષેત્રમાં જુદા જુદા અભિપ્રાય થઈ પડયા. પરંતુ હે પ્રભુ! આપના પ્રતાપે અમારા નીવેડા આવી ગયા....પાર આવી ગયો. આપના પ્રતાપે બધા નીવેડા અને સમાધાન આવી ગયા પણ જગતને કેમ સમજાય! કોઈ મહા ભાગ્યવાન જીવો સમજીને કલ્યાણ પામી જાય છે.

હે નાથ! આપની દિવ્યધ્વનિનો ધોધ છૂટતો હતો અને ત્યાં તો અનેક સન્તો કેવળજ્ઞાન પામતા. તેને બદલે અહીંના પ્રાણીમાં તો અલ્પ પુણ્ય ને અલ્પ પુરુષાર્થ! છતાંય–ભલેને તે અલ્પ હોય પરંતુ કેવળજ્ઞાનને ઓળખીને તેની શ્રદ્ધા છે ને! એટલે તે પુરુષાર્થ અલ્પ હોવા છતાં કેવળજ્ઞાન સાથે સંધિવાળો છે, એટલે વચ્ચે ભંગ પડયા વિના પૂર્ણ કેવળજ્ઞાનનો ભેટો થયે છૂટકો! હે નાથ! પૂર્ણતાનો સંદેહ નથી પણ અધૂરે આંતરા પડયા છે....તે આંતરો અત્યારે તો આપની ‘પ્રતિષ્ઠા’ કરીને ટાળીએ છીએ.



**તીર્થંકરો અને મુનિઓની તો શી વાત! તેઓનું તો જીવન સ્વાનુભવ વડે અધ્યાત્મરસથી ઓતપ્રોત બનેલું છે; તે ઉપરાંત જૈન શાસનમાં અનેક ધર્માત્મા -શ્રાવકો પણ એવા પાકયા છે કે જેમનું અધ્યાત્મજીવન અને અધ્યાત્મવાણી અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે. અધ્યાત્મરસ એ જગતના બધા રસો કરતાં સર્વોત્કૃષ્ટ છે.**



# ચાલો સમવસરણમાં....

ભગવાનની ધર્મસભામાં દિવ્ય નગારું વાગે છે તે કહે છે કે–‘જેને આત્મા જોઈતો હોય, જેને શાંતિના કુંડમાં નહાવું હોય, આત્માના આનંદસાગરમાં તરબોળ થવું હોય....તે જીવો અહીં ભગવાનની ધર્મસભામાં આવો ને તેમની વાણી સમજો. જેને ચૈતન્ય ભગવાનને ભેટવું હોય તે આ ભગવાન પાસે આવો. આવો રે આવો....ધર્મસભામાં, આત્માને ઓળખીને અનંતકાળની ભૂખ ભાંગવી હોય ને સ્વરૂપસંયમ મેળવવો હોય, દુઃખ ટાળવું, હોય ને શાંતિ જોઈતી હોય તો.’ આમ ભગવાનનું દુદુંભી–નગારું પોકાર કરે છે. અને ભગવાનના સમવસરણમાં અનેક સંતો–મુનિઓ, જંઘાચરણ આદિ ૠદ્ધિધારક મુનિઓનાં ટોળેટોળાં, દેવો ને વિદ્યાધરો આકાશમાર્ગે આવીઆવીને દર્શન કરે છે, ચક્રવર્તી ને રાજકુમાર વગેરે પણ આવે છે; જંગલમાંથી ત્રાડ પાડતાં સિંહ ને ફૂંફાડા મારતા ફણિધર વગેરે તિર્યંચો પણ ભગવાન પાસે આવીને શાંત થઈને બેસી જાય છે....

卐






## -: બાલવિભાગના નવાં સભ્યોનાં નામ :-

| | | |
|---|---|---|
| ૧૮૭ | દિલીપ નવલચંદ જૈન | મોરબી |
| ૧૮૮ | નીલા ભુપતરાય જૈન | મુંબઈ-૫૭ |
| ૧૮૯ | ભરત છોટાલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૦ | સુલોચના ચાંદમલ જૈન | મુંબઈ-૨ |
| ૧૯૧ | બીપીન સોમચંદ જૈન | અમદાવાદ |
| ૧૯૨ | આશા રજનીકાન્ત જૈન | મુંબઈ-૨ |
| ૧૯૩ | હરેશ ચંદ્રકાંત જૈન | મદ્રાસ-૧ |
| ૧૯૪ | મધુબાળા ભાઈલાલ જૈન | ડુમરા. |
| ૧૯૫ | હેમંત જયંતિલાલ જૈન | મુંબઈ-૭૭ |
| ૧૯૬ | રાજુલ પોપટલાલ જૈન | મુંબઈ-૫૪ |
| ૧૯૭ | वसंतलाल जैन | घोडनदी |
| ૧૯૮ | નરેન્દ્ર લહેરચંદ જૈન | સોનગઢ |
| ૧૯૯ | ગિરીશ ચીમનલાલ જૈન | ” |
| ૨૦૦ | મહેશ કાન્તિલાલ જૈન | ” |
| ૨૦૨ | હર્ષદા હરિભાઈ જૈન | પાલનપુર |
| ૨૦૩ | જયશ્રી ખારા | રાંચી |
| ૨૦૪ | सरदारमल सागरमल | महिदपुर |
| ૨૦૫ | અનિલ રતિલાલ જૈન | રાયપુર |
| ૨૦૬ | ચંદ્રકાન્ત જે. જૈન | મદ્રાસ |
| ૨૦૭ | નિખીલ પ્રવીણચંદ્ર જૈન | અમદાવાદ-૬ |
| ૨૦૮ | હીનાબેન પ્રવીણચંદ્ર જૈન | ” |
| ૨૦૯ | જીગીષ્ટાબેન પ્રવીણચંદ્ર જૈન | ” |
| ૨૧૦ | અરૂણ ચંદ્રશંકર જૈન | સોનગઢ |
| ૨૧૧ | ભુપેન્દ્ર કાનજીભાઈ જૈન | ” |
| ૨૧૨ | કોકિલા કાનજીભાઈ જૈન | હણોલ |
| ૨૧૩ | માલતી હિંમતલાલ જૈન | ભાવનગર |
| ૨૧૪ | જિનમતિ ઉમેદરાય જૈન | સોનગઢ |
| ૨૧૫ | એમ. કે. જૈન | ” |
| ૨૧૬ | હર્ષા દયાળચંદ જૈન | થાનગઢ |
| ૨૧૭ | ઉષા પ્રાણલાલ જૈન | અમરેલી |
| ૨૧૮ | રોમેશ બાબુલાલ જૈન | અમદાવાદ-૯ |
| ૨૧૯ | ગુણવંતલાલ મીઠાલાલ જૈન | સોનાસણ |
| ૨૨૦ | મીનાક્ષી પ્રીતમલાલ જૈન | ન્યુ અંજાર |
| ૨૨૧ | વીણા પ્રીતમલાલ જૈન | |
| ૨૨૨ | પીયુષ પ્રીતમલાલ જૈન | ” |
| ૨૨૩ | નયના પ્રીતમલાલ જૈન | ” |
| ૨૨૪ | અજિત ઈન્દુલાલ જૈન | મોરબી |
| ૨૨૫ | ચંદ્રલેખા ઈન્દુલાલ જૈન | મોરબી |
| ૨૨૬ | હસ્તલેખા ઈન્દુલાલ જૈન | ” |
| ૨૨૭ | કોકિલા સોમચંદ જૈન | વીંછીયા |
| ૨૨૮ | શૈલા સોમચંદ જૈન | ” |
| ૨૨૯ | રશ્મી સોમચંદ જૈન | ” |
| ૨૩૦ | કલ્પના હીરાલાલ જૈન | લાઠી |
| ૨૩૧ | દીપક જયંતિલાલ જૈન | મુંબઈ-૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩૨ | અશ્વિન ડાહ્યાલાલ જૈન | ઈડર | ૨૬૧ | કિરણ મનહરલાલ જૈન | સોનગઢ |
| ૨૩૩ | કંચનબેન મણિલાલ જૈન | સાબલી | ૨૬૨ | કાન્તિલાલ મોહનલાલ જૈન | બગસરા |
| ૨૩૪ | કૈલાસબેન કચરાલાલ જૈન | ” | ૨૬૩ | ચેતન જૈન | અમદાવાદ |
| ૨૩૫ | અનિલ મણિલાલ જૈન | ” | ૨૬૪ | ચંપકલાલ જૈન | અમદાવાદ |
| ૨૩૬ | બિપીન કચરાલાલ જૈન | ” | ૨૬૫ | રજનીકાન્ત જૈન | ” |
| ૨૩૭ | નવનીત પૂનમચંદ જૈન | ” | ૨૬૬ | જ્યોતિન્દ્ર જૈન | ” |
| ૨૩૮ | શર્મીષ્ઠા કોદરલાલ જૈન | ” | ૨૬૭ | જિતેન્દ્ર જૈન | ” |
| ૨૩૯ | પ્રવીણ જીવરાજ જૈન | ” | ૨૬૮ | દિલીપ જૈન | અમદાવાદ |
| ૨૪૦ | વસંત કચરાલાલ જૈન | ” | ૨૬૯ | પ્રશાંત જૈન | ” |
| ૨૪૧ | બાબુલાલ કચરાલાલ જૈન | ” | ૨૭૦ | કેતકી જૈન | ” |
| ૨૪૨ | હર્ષદ કાન્તિલાલ જૈન | ” | ૨૭૧ | વિનોદ જૈન | ” |
| ૨૪૩ | જયરાજ પ્રાણલાલ જૈન | જામનગર | ૨૭૨ | કિરીટ જૈન | ” |
| ૨૪૪ | રંજન વાડીલાલ જૈન | વઢવાણ | ૨૭૩ | કનુ જૈન | ” |
| ૨૪૫ | ગૌતમ સુરેશચંદ્ર જૈન | મુંબઈ–૭૭ | ૨૭૪ | કલ્પના જૈન | ” |
| ૨૪૬ | અરવિંદ જયંતિલાલ જૈન | ગોંડલ | ૨૭૫ | ભુપેન્દ્ર લાલચંદ જૈન | મુંબઈ–૩ |
| ૨૪૭ | અશોક નંદલાલ જૈન | ધ્રાફા | ૨૭૬ | નવનીત ડાહ્યાલાલ જૈન | પ્રાંતિજ |
| ૨૪૮ | ધનવંત જેઠાલાલ જૈન | ” | ૨૭૭ | શૈલા ચંદ્રકાન્ત જૈન | મુંબઈ–૭૧ |
| ૨૪૯ | અશોક નેમચંદ જૈન | તલોદ | ૨૭૮ | કિરીટ જયંતિલાલ જૈન | વડાસણ |
| ૨૫૦ | પ્રવીણ પ્રભુદાસ જૈન | મુંબઈ–૨ | ૨૭૯ | કલ્પના રજનીકાન્ત જૈન | કલકત્તા ૯ |
| ૨૫૧ | દીપા પ્રભુદાસ જૈન | રાજકોટ | ૨૮૦ | જયેશ જયવંતલાલ જૈન | મુંબઈ ૭૭ |
| ૨૫૨ | ઈલા લાલચંદ જૈન | ” | ૨૮૧ | હરેશ જયવંતલાલ જૈન | મુંબઈ ૭૭ |
| ૨૫૩ | શોભના લાલચંદ જૈન | ” | ૨૮૨ | પ્રકાશ જે જૈન | ગોંડલ |
| ૨૫૪ | પૂર્ણા ધીરજલાલ જૈન | ભાવનગર | ૨૮૩ | દીના જે જૈન | ” |
| ૨૫૫ | બિન્દુ ધીરજલાલ જૈન | ” | ૨૮૪ | યશવંત રમણિકલાલ જૈન | મોરબી |
| ૨૫૬ | વિમલ ધીરજલાલ જૈન | ” | ૨૮૫ | ભારતી ખીમચંદ જૈન | લીંબડી |
| ૨૫૭ | રાજેશ્રી ધીરજલાલ જૈન | ” | ૨૮૭ | સુધીર રતિલાલ જૈન | અમદાવાદ ૧૭ |
| ૨૫૮ | આરૂષી રમણિકલાલ જૈન | રાજકોટ | ૨૮૮ | મનોજ રતિલાલ જૈન | રાજકોટ |
| ૨૫૯ | જયેન્દ્ર મહેન્દ્રકુમાર જૈન | જમશેદપુર | ૨૮૯ | મયંક હસમુખલાલ જૈન | ભાવનગર |
| ૨૬૦ | રાજેશ મનસુખલાલ જૈન | જમશેદપુર | ૨૯૦ | પ્રકાશ વિનયચંદ જૈન | રાજકોટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯૧ | કમલેશ રમણલાલ જૈન | રાજકોટ | ૩૦૭ | મહેશ મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૨૯૨ | રોહિતકુમાર સી જૈન | રાજકોટ | ૩૦૮ | મુકેશ મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૨૯૩ | પ્રકાશ મનસુખલાલ જૈન | મુંબઈ ૬૨ | ૩૦૯ | મુકેશ જયંતિલાલ જૈન | વ્યારા |
| ૨૯૪ | હર્ષલતા મનસુખલાલ જૈન | મુંબઈ ૬૨ | ૩૧૦ | અશોક વીરચંદ જૈન | મુડેટી |
| ૨૯૫ | શૈલા મનસુખલાલ જૈન | મુંબઈ ૬૨ | ૩૧૧ | મંજુલા અભેચંદ જૈન | ઉમરાળા |
| ૨૯૬ | રાજેશ નટવરલાલ જૈન | મુંબઈ ૬૬ | ૩૧૨ | રેખા અભેચંદ જૈન | ઉમરાળા |
| ૨૯૭ | शरदकुमार जैन | उज्जैन | ૩૧૩ | ઘનશ્યામ ચંદુલાલ જૈન | લાતુર |
| ૨૯૮ | प्रेमलता जैन | उज्जैन | ૩૧૪ | सुरेशचन्द जैन | બડી સાદડી |
| ૨૯૯ | મુકેશ કાન્તિલાલ જૈન | મુંબઈ ૬૪ | ૩૧૫ | मनमोहन जैन | उज्जैन |
| ૩૦૦ | નરેશ જેઠાલાલ જૈન | ચોરીવાડ | ૩૧૬ | चित्तरंजन जैन | उज्जैन |
| ૩૦૧ | અરવિંદ ધરમચંદ જૈન | પ્રાંતિજ | ૩૧૭ | मोतीलाल खेमराज जैन | खैरागढराज |
| ૩૦૨ | કલ્પના બટુકલાલ જૈન | રાજકોટ | ૩૧૮ | प्रेमचंद खेमराज जैन | ” |
| ૩૦૩ | ઉર્મીલ દલીચંદ જૈન | રાજકોટ | ૩૧૯ | कमलेश दुल्लीचंद जैन | ” |
| ૩૦૪ | મીના વિનયચંદ જૈન | રાજકોટ | ૩૨૦ | પરેશ ખીમચંદ જૈન | જામનગર |
| ૩૦૫ | નરેન્દ્ર રમણલાલ જૈન | રાજકોટ | ૩૨૧ | કૌશીક ખીમચંદ જૈન | જામનગર |
| ૩૦૬ | પંકજ સોમચંદ જૈન | જામનગર | ૩૨૨ | વિક્રમ છોટાલાલ જૈન | દામનગર |

*****

( બાકીનાં નામો આવતા અંકમાં આપીશું )

*****

## ધર્મવત્સલ બંધુઓ

બાલવિભાગમાં ઉત્સાહભર્યા સેંકડો પત્રો આવેલ છે, બીજાં પણ અનેક જિજ્ઞાસુઓના લાગણીભર્યા પત્રો આવ્યા છે; પરંતુ સંપાદકની તબિયત જરા અસ્વસ્થ હોવાના કારણે તેની વ્યવસ્થામાં પહોંચી શકાયું નથી. બાલવિભાગના બીજા લેખો, વાર્તા, પ્રશ્નોત્તર વગેરે પણ આપી શકાયું નથી; આત્મધર્મની ચાલુ લેખમાળાઓ પણ કેટલીક આપી શકાઈ નથી. આવતા અંકથી બધું વ્યવસ્થિત થઈ જશે. બાળકોને ભેટ આપવાનું પુસ્તક છપાઈ ગયું છે, તે થોડા વખતમાં મોકલી દેશું....जय जिनेन्द्र.

# દીઠા બાહુબલી ભગવાન



આત્મધર્મના ગતાંકમાં આપણે જણાવેલ કે ગુરુદેવે સ્વપ્નમાં બાહુબલી ભગવાનને દેખ્યા હતા... તે સંબંધી વિગત બીજા અંકમાં આપવા જણાવેલ; ગુરુદેવે સં. ૨૦૧૫ માં સંઘસહિત યાત્રા વખતે શ્રવણબેલગોલ (મૈસુર પ્રાન્ત) માં બાહુબલી ભગવાનના દર્શન કર્યા ને જે અદ્‌ભુતભાવો ઉલ્લસ્યા, તે વખતના એમના ઉદ્‌ગાર અલૌકિક ભાવભીના હતા...એ બાહુબલીપ્રભુની ભાવભીની મુદ્રા એમના હૃદયમાં કોતરાઈ ગઈ હતી.

ત્યારબાદ અમુક વખતે (લગભગ સં. ૨૦૧૯ માં) એકવાર સ્વપ્નમાં ગુરુદેવે બાહુબલી ભગવાનને સાક્ષાત્ દીઠા. ધરાઈ ધરાઈને આનંદથી નીહાળ્યાં. અદ્‌ભુત આશ્ચર્યકારી એ દેદાર હતો...આજે બે ત્રણ વર્ષ બાદ એ પ્રસંગ યાદ કરતાં પણ ગુરુદેવનું હૃદય બાહુબલીનાથ પ્રત્યે આહ્‌લાદથી ઉભરાઈ જાય છે. સ્વપ્નમાં આકાશમાં વાદળા હતા...તે વાદળામાંથી ગગનમાં જ બાહુબલી ભગવાન પ્રકટ થયા....સ્ફટિક જેવો એનો ઉજ્વળ દેદાર! એમની ભવ્ય મુદ્રા પરમ ગંભીર વૈરાગ્યની છવાયેલી.....જાણે ચૈતન્યનો પિંડલો! અહા, એ ગગનવિહારી બાહુબલીદર્શન...એ તો જાણે સાક્ષાત્ બાહુબલીનાથ પોતે જ સામે ઊભા હતા. એમના દર્શનથી ગુરુદેવને ઘણો રોમાંચ જાગતો હતો. ગુરુદેવ કહે છે કે સ્વપ્નમાં જે બાહુબલી જોયા તેમના શરીરે વેલડી ન હતી, ને તે આકાશમાં હતા. (એનો અર્થ એ કે કેવળજ્ઞાનપ્રાપ્ત ગગનવિહારી બાહુબલીસ્વામીનું એ દર્શન હતું, કેવળજ્ઞાન પછી શરીરે વેલડી રહે નહિ ને આકાશમાં વિચરે; શરીર સ્ફટિક જેવું હોય.) ગુરુદેવે બાહુબલીસ્વામીનું એક ચિત્ર જોતાં એ સ્વપ્ન ફરી યાદ કર્યું ત્યારે તેમને ઘણોજ પ્રમોદ થતો હતો. શ્રોતાઓ પણ ગુરુદેવના ભાવ દેખીને ઉલ્લસિત થતા હતા. 'जय बाहुबली'

*****

**વૈરાગ્ય સમાચારઃ** રાજકોટમાં તા. ૧૦-૧-૬૬ ના રોજ પ્રાણલાલ મોહનલાલ બોઘાણી ૭૨ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગસ્થ આત્મા શાંતિ પામે એજ ભાવના.

**જિનમંદિરનું શિલાન્યાસઃ** હિંમતનગર (ગુજરાતમાં) ગત માસમાં દિ. જિનમંદિરનું શિલાન્યાસ ઉત્સાહપૂર્વક થયું હતું.

**સોનગઢમાં આનંદોત્સવઃ-** સોનગઢમાં સીમંધરપ્રભુની મંગલપ્રતિષ્ઠા થઈ તેની પચ્ચીસ વર્ષની પૂર્ણતાનો રજત જયંતી અઠ્ઠાઈમહોત્સવ આનંદપૂર્વક ચાલી રહ્યો છે. જિનધામ અનેરી શોભાથી શોભી રહ્યું છે.

**શિલાન્યાસઃ-** મુરબ્બીશ્રી રામજીભાઈના સન્માન ફંડમાંથી તૈયાર થનાર સાહિત્ય માટેનો ખાસ હોલ-જેને હાલ આગમમંદિર અથવા તો જિનવાણી ભવન કહેવામાં આવે છે, તેનું શિલાન્યાસ સોનગઢમાં તા. ૭-૨-૬૬, મહા વદ ત્રીજના રોજ બપોરે ગુરુદેવની ઉપસ્થિતિમાં માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ તથા માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ, ખીમચંદભાઈ, વગેરેના હસ્તે થયું હતું; મુખ્યપણે સાહિત્ય પ્રકાશનના પુસ્તકો રાખવા માટે આ હોલ બંધાય છે. સ્વાધ્યાય મંદિરની લગભગ પાછળ પશ્ચિમ દિશામાં આ હોલ બંધાશે. (પ્રમુખશ્રી નવનીતભાઈના મકાનનું શિલાન્યાસ પણ એજ દિવસે થયું હતું.)

## મૂરખ નહીં- પણ...?

એક વખત એક માણસના આંગણે ચક્રવર્તીરાજા આવ્યો ને તેણે તેની આગતાસ્વાગતા કરી; આથી પ્રસન્ન ચક્રવર્તીએ તે માણસને કહ્યું કે “માંગ...માંગ! તારે જે જોઈએ તે માંગ....તું જે માંગ તે આપું” ત્યારે તે માણસ ચક્રવર્તીને કહે છે કે-કાઢી નાંખ મારા ઘરનું વાસીદું.

કેવો મૂરખ? ચક્રવર્તી પાસે એને માંગતા ન આવડયું. આત્મા પણ આવી જ મૂર્ખાઈ કરી રહ્યો છે. ભગવાન આત્મા ચૈતન્ય ચક્રવર્તી પ્રસન્ન થઈને કહે છે કે માંગ...માંગ! સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન અને સિદ્ધપદ જે જોઈએ તે આપવાની મારામાં તાકાત છે. ત્યારે જે એવી ભાવના કરે છે કે શરીર સારું રહેજો ને પુણ્યનાં ફળ મળજો...તે મૂરખ નથી-પણ-મૂરખનો સરદાર છે. અરે, ચૈતન્ય ચક્રવર્તી પાસેથી તે કાંઈ જડની ને પુણ્યફળની માંગણી કરાતી હશે!

# ફાગણ માસના મંગલ દિવસો

(અહીં મંગલ દિવસોનો જે ઉલ્લેખ કરવામાં આવે છે તે જિનેન્દ્રપૂજા સંગ્રહના આધારે કરવામાં આવે છે. તિથિ સંબંધમાં ક્વચિત પાઠાંતર પણ જોવામાં આવે છે.

| | |
|---|---|
| ફાગણ સુદ બીજ : | સીમંધરનાથ સુવર્ણધામમાં પધાર્યા. |
| ફાગણ સુદ ૩ : | અરનાથ ભગવાન જન્મકલ્યાણક. |
| ફાગણ સુદ ૫ : | મલ્લિનાથ ભગવાનનો મોક્ષ. |
| ફાગણ સુદ ૭ : | ચંદ્રપ્રભ ભગવાનનો મોક્ષ, તથા સમ્મેદશિખરજીની યાત્રાનો દિવસ. |
| ફાગણ સુદ ૮ઃ | સંભવનાથ ભગવાનનો ગર્ભકલ્યાણક. |
| ફાગણ સુદ ૮થી ૧૫ઃ | નંદીશ્વર–અષ્ટાહ્નિકા મંગલપર્વ. |
| ફાગણ વદ ૪ઃ | પાર્શ્વનાથ ભગવાનને કેવળજ્ઞાન. |
| ફાગણ વદ ૫ઃ | ચંદ્રપ્રભ ભગવાનનો ગર્ભકલ્યાણક. |
| ફાગણ વદ ૮ઃ | શીતલનાથ ભગવાનનો ગર્ભકલ્યાણક. |
| ફાગણ વદ ૯ઃ | શ્રી ઋષભદેવ ભગવાનનો જન્મ તથા દીક્ષા. |
| ફાગણ વદ અમાસ | અનંતનાથ ભગવાનને કેવળજ્ઞાન તથા મોક્ષ. |

આવતા માસમાં–ચૈત્ર સુદ તેરસે શ્રી મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક છે, એ તો ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. પણ તે ઉપરાંત ચૈત્ર માસમાં બીજો એક એવો દિવસ આવે છે કે તીર્થંકર ભગવાન તે દિવસે જન્મ્યા છે; એટલું જ નહિ, જે દિવસે તેઓ જન્મ્યા છે તે જ દિવસે તેમણે દીક્ષા લીધી છે, કેવળજ્ઞાન પણ તે જ દિવસે પામ્યા છે, ને મોક્ષ પણ સમ્મેદશિખરથી એ જ દિવસે પામ્યા છે. તો એ કયા ભગવાન? ને કયો દિવસ? તે શોધી શકશો? શોધી કાઢો તો શાબાશી; ન શોધી શકો તો આવતા અંકમાં અમે બતાવશું.

૨૪ તીર્થંકરોમાં આ એક જ તીર્થંકર એવા છે કે જેમના જન્મ–દીક્ષા–કેવળજ્ઞાન–મોક્ષ એ ચારે કલ્યાણક એક જ દિવસે થયા હોય. વળી બીજા પણ એક તીર્થંકર બરાબર તે જ દિવસે મોક્ષ પધાર્યા છે.

# શોધી.....કાઢો

( જવાબો લખીને મોકલવાના નથી )

૨૪ તીર્થંકર ભગવંતોમાંથી અયોધ્યા જન્મ્યા હોય ને સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા હોય એવા ભગવંતો કેટલા ને કયા કયા?

૨૪ તીર્થંકર ભગવંતોમાંથી અયોધ્યામાં જન્મ્યા હોય છે પણ સમ્મેદશિખરજી મોક્ષ ન પામ્યા હોય–એવા ભગવંતો કેટલા ને કયા કયા?

૨૪ તીર્થંકરોમાંથી સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા હોય પણ અયોધ્યામાં જન્મ્યા ન હોય એવા તીર્થંકર કેટલા ને કયા કયા?

૨૪ તીર્થંકરોમાંથી અયોધ્યામાં જન્મ્યા ન હોય સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા ન હોય એવા ભગવંતો કેટલા ને કયા ક્યા?

પ્રશ્નો સહેલા છે, પણ જરા ધ્યાન રાખજો હો–દરેકમાં જન્મ અને મોક્ષ એ બંને બોલ લાગુ પાડવાના છે. આ શોધવા માટે તમારે અયોધ્યા કે સમ્મેદશિખર અત્યારે નહીં જવું પડે. (મોટા થાવ ત્યારે જરૂર જાજો.) અત્યારે તો જરાક મહેનત કરશો તો "મંગલતીર્થયાત્રા" પુસ્તકમાંથી તેમજ પૂજન વગેરે અનેક પુસ્તકોમાંથી આ માહિતી મેળવી શકશો. અને છેવટ આવતા અંકમાં તો જવાબ આવવાના જ છેને ! !

'આત્મધર્મ' પ્રચાર અને વિકાસ ખાતે આવેલી રકમોની યાદી આવતા અંકે આપીશું.

## ૧૪ સીમંધર ભગવાન

પચીસ વર્ષ પહેલાં સોનગઢમાં એક સીમંધર ભગવાન પધાર્યા, આજે તો જિનમંદિરમાં એકને બદલે બે સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે, એટલું જ નહિ; માનસ્તંભમાં ઉપર–નીચે ચારે દિશામાં મળીને ૮ સીમંધર ભગવાન બિરાજે છે, ને સમવસરણમાં ચૌદિશ ચાર સીમંધર ભગવાન બિરાજે છે–એટલે કુલ ૧૪ સીમંધર ભગવાન થયા.

# ચાલો નવું નવું જાણીએ...

શું રાવણ માંસાહારી હતો ? ને તે રાક્ષસ હતો ?

ના, રાવણ રાક્ષસ પણ ન હતો ને માંસાહારી પણ ન હતો. તે એક મહાન રાજા હતો ને જૈનધર્મનો ભક્ત હતો. એટલું જ નહિ ભવિષ્યમાં તે જૈનધર્મના તીર્થંકર થશે. ને સીતાજી થશે એમના ગણધર.

હનુમાનજી વાંદરો હતા–એ વાત સાચી ?

જી ના; હનુમાનજી તો એક રાજકુમાર હતા, એટલું જ નહિ પણ તેઓ અતિશય રૂપવાન હતા. પાછળથી તેઓ મુનિ થઈને મોક્ષ પામ્યા છે.

હનુમાનજી આકાશમાં ઊડતા એ વાત સાચી ?

હા, કેમકે તેઓ વિદ્યાધર હતા; ને વિદ્યાધરોને આકાશગમનની શક્તિ હોય છે. તેમની પાસે વિદ્યાથી ચાલતા વિમાનો પણ હોય છે, એટલે તેઓ આકાશગમન કરી શકે છે.

હનુમાનજી ક્યાંથી મોક્ષ પામ્યા ?

હનુમાનજી માંગીતૂંગી પહાડ પરથી મોક્ષ પામ્યા છે.

રામચંદ્રજી તે ભગવાન છે એ સાચું ?

હા, ભગવાન રામચંદ્રજી મોક્ષ પામ્યા છે ને અત્યારે સિદ્ધાલયમાં સિદ્ધ ભગવાન તરીકે બિરાજે છે. તેઓ પણ માંગીતૂંગીથી મોક્ષ પામ્યા છે.

‘માંગીતૂંગી’ ક્યાં આવ્યું ?

માંગીતૂંગી એ મહારાષ્ટ્રમાં આવેલ એક પહાડનું નામ છે. એ પહાડને બે શિખર છે–એકનું નામ માંગી, ને બીજાનું નામ તૂંગી તેમાં માંગી ઉપરથી હનુમાનજી ને તૂંગી ઉપરથી રામચંદ્રજી મોક્ષ પામ્યા છે. તે ઉપરાંત બીજા નવ્વાણું કરોડ મુનિવરો આ પહાડ પરથી મોક્ષ પામ્યા છે. આ રીતે માંગીતૂંગી એ જૈનોનું મહાન તીર્થ છે. સં ૨૦૧૩માં ગુરુદેવે સંઘસહિત આ તીર્થની યાત્રા કરી છે. એનું વર્ણન વાંચવું હોય તો ‘મંગલ તીર્થયાત્રા’ પુસ્તક વાંચજો....તમને જરૂર ગમશે.

બાળકો, આ વખતે તમને રામચંદ્રજી અને હનુમાનજીની તથા રાવણની થોડીક વાત કરી...કોઈકવાર તમને ભીમની વાતમાં તમને મજા આવશે ! ( હા, બહુ મજા આવશે ! )




સીમંધર ભગવાન સોનગઢ પધાર્યા તેને જ્યારે દશ વર્ષ પૂર્ણ થયેલા ત્યારે પણ ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો; તે ઉત્સવ પ્રસંગે સીમંધરનાથના સ્વાગતના ભાવનું જે ચિત્ર 'આત્મધર્મ' માં પ્રસિદ્ધ થયેલું, આજે પચીસ વર્ષની પૂર્ણતા પ્રસંગે પણ ફરીને એ જ ચિત્ર દ્વારા સ્વાગતની ઉર્મિઓ તાજી થાય છે.



પચીસ વર્ષ પહેલાનું એ રળિયામણું જિનમંદિર –જેમણે જોયું છે તેઓ તેમાં કરેલી ‘ભક્તિ વગેરેના પ્રસંગો’ હજી ભૂલ્યા નથી.....એમાં વચ્ચે થાંભલા હતા ને પ્રવેશદ્વાર ઉપર દિગંબર મુનિવરો વગેરેનાં ચિત્રો કોતરેલા હતા.

જિન મંદિર સંવત ૧૯૯૭

* * * * *

જેમ જેમ ધર્મવૃદ્ધિ થતી ગઈ તેમ તેમ જાણે કે જિનમંદિર પણ વધતું ગયું ને આજે પચીસ વર્ષમાં તો ૩૫ ફૂટ જેટલું વધીને એ મંદિર ૪૦ ફૂટને બદલે ૭૫ ફૂટ ઊંચે પોતાનો ધર્મધ્વજ ફરકાવતું શોભી રહ્યું છે.



જિન મંદિર સંવત ૨૦૧૩

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ– અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર